*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसण मूलो धम्मो

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી

વર્ષ ૨૨ઃ અંક ૧૦ઃ વીર સં.૨૪૯૧, શ્રાવણઃ August 1965


# સિદ્ધપ્રભુ સાથે મિત્રતા

હે જીવ! તારે સંસારથી છૂટવું હોય ને સિદ્ધપદ પામવું હોય તો સિદ્ધપ્રભુ સાથે મૈત્રી કર....સંસાર સાથે કિટ્ટિ કર ને સિદ્ધો સાથે બિલ્લી (મિત્રતા) કર. સિદ્ધભગવાન સાથે મિત્રતા કેમ થાય? કે 'જેવા આપ તેવો હું' એમ સિદ્ધ જેવા પોતાના આત્મસ્વભાવની ઓળખાણ કરતાં આત્માને સિદ્ધની મિત્રતા થાય છે એટલે કે તે સિદ્ધપદનો સાધક થાય છે. સિદ્ધભગવંતો કહે છે કે જો તારે મારી સાથે મિત્રતા કરવી હોય ને મારી પાસે સિદ્ધદશામાં આવવું હોય, તો તું રાગની મૈત્રી છોડ; રાગ તો મારાથી વિરોધી છે, તેનો આદર કરીશ તો મારી સાથે મિત્રતા નહિ થાય. મારી સાથે મિત્રતા કરવી હોય તો મારામાં ન હોય એવા સમસ્ત પરભાવોની પ્રીતિ છોડીને તેની સાથે કિટ્ટા કર, તેની સાથે એકતાનો સંબંધ તોડ, ને મારા જેવો તારો સ્વભાવ છે તેમાં સંબંધ જોડ....અરે જીવ! સંસારનો પ્રેમ છોડીને હવે આ સિદ્ધપ્રભુ સાથે મિત્રતા કર. ધર્માત્મા કહે છે કે અમે હવે સિદ્ધપ્રભુના મિત્ર થયા છીએ; સિદ્ધપ્રભુ જેવા અમારા સ્વભાવને અનુભવમાં લઈને અમે હવે સિદ્ધપ્રભુ સાથે મિત્રતા બાંધી છે ને સમસ્ત પરભાવો સાથેની મિત્રતા છોડી છે. હવે પરભાવોરૂપ સંસારને છોડીને અમે અલ્પકાળમાં સિદ્ધ થશું, ને સિદ્ધાલયમાં જઈને અમારા મિત્રો સાથે સાદિઅનંતકાળ રહેશું.

# ધર્મવાત્સલ્યનું મહાન પ્રતીકઃ રક્ષાબંધન પર્વ

## ( વાત્સલ્યપૂર્ણિમાઃ શ્રાવણ સુદ ૧૫ )

卐

આજે સમગ્ર જૈનસમાજને જેની ખૂબ જરૂર છે એવા વાત્સલ્યના અમીસીંચન કરતું મહાન જૈન-પર્વ શ્રાવણ સુદ પૂર્ણિમાએ આવી રહ્યું છે.....દર વર્ષની આ વાત્સલ્યપૂર્ણિમા વખતે જાણે સાક્ષાત્ વિષ્ણુકુમાર મુનિરાજ આવીને આપણને વાત્સલ્યનો પુનિત સન્દેશ સંભળાવી જાય છે. ચક્રવર્તીના એ પુત્ર રાજપાટ છોડી, ચૈતન્યની સાધનામાં એવા મસ્ત હતા કે મહાન વિક્રિયાઋદ્ધિ પ્રગટી હોવા છતાં તેનું લક્ષ ન હતું. એમના સમ્યક્ત્વસૂર્યનું તેજ વાત્સલ્યાદિ અષ્ટાંગોથી ઝળકતું હતું. એવા એ વિષ્ણુકુમાર મુનિરાજની જન્મનગરીમાં જ્યારે અકંપનાદિ ૭૦૦ મુનિવરોના સંઘ ઉપર ચાર મંત્રીઓ દ્વારા ઘોર ઉપદ્રવ થઇ રહ્યો છે, મુનિવરો અકંપપણે સમાધિભાવમાં સ્થિત છે, ઘોર ઉપદ્રવથી હસ્તિનાપુરીના સમસ્ત શ્રાવકોએ પણ અન્નનો ત્યાગ કર્યો છે, ને આકાશના નક્ષત્ર પણ ધ્રૂજી ઊઠે છે,-એ વખતે મિથિલાપુરીમાં શ્રુતસાગર આચાર્ય નિમિત્તજ્ઞાનદ્વારા મુનિવરોનો ઉપદ્રવ જાણે છે ને તેમનું હૃદય મુનિસંઘ પ્રત્યે વત્સલતાથી એવું ઉભરાઈ જાય છે, કે રાત્રિનું મૌન તોડીને પણ 'હા!' એવો ઉદ્ગાર તેમના મુખમાંથી સરી પડે છે. વિષ્ણુમુનિ વડે જ આ ઉપદ્રવથી મુનિઓની રક્ષા થઈ શકે એમ છે તે જાણીને, એક ક્ષુલ્લકજી તેમને પ્રાર્થના કરે છે. વિષ્ણુમુનિરાજને વાત્સલ્ય ઉભરાય છે....૭૦૦ મુનિઓની રક્ષા ખાતર પોતે મુનિપણું છોડી થોડીવાર શ્રાવક બને છે, યુક્તિથી બલિરાજાને વચનબદ્ધ કરીને ૭૦૦ મુનિઓની રક્ષા કરે છે, એટલું જ નહિ, વત્સલતાથી બલિરાજા વગેરેને પણ ધર્મ પમાડીને તેમનોય ઉદ્ધાર કરે છે. હસ્તિનાપુરી જયજયકારથી ગાજી ઊઠે છે, ફરીને સર્વત્ર આનંદમંગળ થાય છે; ને પોતાનું મુનિરક્ષાનું કાર્ય પૂરું કરીને તરત વિષ્ણુકુમાર ફરી પોતાના મુનિપદમાં સ્થિર થાય છે, ને એવી ઊગ્ર આત્મસાધના કરે છે કે કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

મુનિરક્ષાનો ને વાત્સલ્યનો આ મહાન દિવસ એવો પ્રસિદ્ધ બન્યો કે લાખો-કરોડો વર્ષો વીતવા છતાં આજેય ભારતભરમાં તે આનંદથી ઊજવાય છે. સંસારમાં ભાઈ-બહેનનું નિર્દોષ વાત્સલ્ય એ વાત્સલ્યનું સૌથી મોટું પ્રતીક છે. વાત્સલ્ય હોય ત્યાં રક્ષાની ભાવના હોય જ. આવું આ વાત્સલ્યનું પર્વ સર્વત્ર વાત્સલ્યના પૂર વહાવો.

**ધર્મવત્સલ સંતોને નમસ્કાર હો.**

卐 卐 卐

# સ મ્ય ક્ ત્વ - મ હિ મા

( સમ્યગ્દર્શનનો મહિમા શાસ્ત્રોમાં ઠેરઠેર ભર્યો છે,
તેમાંથી થોડોક નમુનો )

* આ સમ્યગ્દર્શન મહાન રત્ન છે, સર્વ લોકના એક ભૂષણરૂપ છે અર્થાત્ સમ્યગ્દર્શન સર્વ લોકમાં અત્યંત શોભાયમાન છે અને તે જ મોક્ષપર્યંત સુખ દેવામાં સમર્થ છે.

* જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યગ્દર્શન જ છે, યમ અને પ્રશમભાવનું જીવન સમ્યગ્દર્શન જ છે, અને તપ તથા સ્વાધ્યાયનો આધાર પણ સમ્યગ્દર્શન જ છે એમ આચાર્યોએ કહ્યું છે.

* વિશેષ જ્ઞાન કે ચારિત્ર ન હોય છતાં, જો એકલું માત્ર સમ્યગ્દર્શન જ હોય તોપણ તે પ્રશંસનીય છે; પરંતુ મિથ્યાદર્શનરૂપી ઝેરથી દૂષિત થયેલા જ્ઞાન કે ચારિત્ર પ્રશંસનીય નથી.

* સૂત્રજ્ઞ આચાર્યદેવોએ કહ્યું છે કે યમ-નિયમ-તપ વગરે અતિ અલ્પ હોય તોપણ, જો તે સમ્યગ્દર્શન સહિત હોય તો ભવસમુદ્રના કલેશના ભારને હળવો કરવા માટેની તે ઔષધિ છે.

* શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનવિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે-એમ અમે જાણીએ છીએ; કેમકે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ કહેવામાં આવ્યું છે.

* આ જગતમાં જેઓ જ્ઞાન અને ચારિત્રના પાલનમાં પ્રસિદ્ધ થયા છે એવા જીવો પણ, સમ્યગ્દર્શન વગર મોક્ષને પામી શકતા નથી.

* શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો ! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીઓ. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે, સર્વ કલ્યાણનું બીજ છે, આ સંસારસમુદ્રથી તરવા માટે તે જહાજ છે, એક ભવ્યજીવો જ તેને પામી શકે છે, પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે, પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વને તે હણનાર છે.

( જ્ઞાનાર્ણવ: અ. ૬ ગા. ૫૩ થી ૫૯ )

# ‘અમૃત’ ના કલશથી આત્માનો અભિષેક

**વાહ, ‘સમયસાર-કલશ’ માં તો આચાર્યદેવે સ્વાનુભવરૂપી અમૃતના કળશ ભરીભરીને ભગવાન આત્માને નવરાવ્યો છે. શુદ્ધવસ્તુનો અનુભવ બતાવીને અમૃતચંદ્રાચાર્યદેવે અમૃત રેડયાં છે. એક સૂક્ષ્મ વિકલ્પની પણ જેમાં ભેળસેળ નથી-એવો શુદ્ધઆત્મસ્વભાવ શુદ્ધનયવડે અનુભવાય છે. હે જીવ! સમસ્ત સંકલ્પ-વિકલ્પ છોડીને જ્ઞાનવડે તું આવો અનુભવ કર-એમ સંતોનો ઉપદેશ છે. આ ઉપદેશ ઝીલીને વીરતાવાળો જીવ સમ્યક્ પુરુષાર્થવડે તેને અનુભવે છે.**

卐

आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

દિવ્યધ્વનિમાં જે શુદ્ધાત્માનું સ્વરૂપ સાંભળ્યું, ગુરુપરંપરાથી અનુગ્રહપૂર્વક શુદ્ધાત્માનો જે ઉપદેશ મળ્યો, અને પોતે પ્રચુર સ્વસંવેદન સ્વાનુભવથી શુદ્ધાત્માને અનુભવ્યો, તે સમસ્ત નિજવૈભવથી કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં શુદ્ધ આત્મા દેખાડયો છે; અને અમૃતચંદ્રાચાર્યદેવે તેની ટીકા કરીને આ શુદ્ધાત્મરસનાં અમૃત ઘોળ્યાં છે.....વીરતાવાળા જીવને એ પચે એવાં છે. વીરતા એટલે સ્વભાવ તરફના વીર્યોલ્લાસવાળા જીવો આ શુદ્ધાત્માની વાત સાંભળતાં અસંખ્યપ્રદેશે પુરુષાર્થથી ઉલ્લસી જાય છે. ને જેનામાં વિકલ્પથી જુદા પડવાનું વીર્ય નથી, શુદ્ધાત્મા તરફનો વીર્યોલ્લાસ નથી તે તો આવી શુદ્ધાત્માના અનુભવની વાતને હૃદયમાં ઝીલી શકતો નથી. ‘અરે, અત્યારે આત્મા શુદ્ધ હોય! અત્યારે આત્મા અબદ્ધ હોય!’ એમ સંદેહ કરતો તે પુરુષાર્થહીનપણામાં અટકી જાય છે; ને વીરતાવાળો જીવ તો વિકલ્પથી પાર થઈને, શુદ્ધ સ્વભાવમાં પ્રવેશીને સમ્યક્ પુરુષાર્થવડે તેને અનુભવે છે.

શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને અનુભવમાં લઈને શુદ્ધનય પ્રકાશમાન થાય છે. જીવવસ્તુ આદિ–અંતથી રહિત છે. વળી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં સંકલ્પ–વિકલ્પની જાળ વિલય થઈ ગઈ છે. રાગાદિ અનેક સંકલ્પો ને જ્ઞાનના અનેક વિકલ્પો તે બધાય સ્વાનુભવ થતાં જ છૂટી જાય છે. આવા શુદ્ધ વસ્તુસ્વરૂપને જે સૂચિત કરે–અનુભવમાં લ્યે તે શુદ્ધનય છે, તે જ સમ્યક્ત્વ છે.

અરે જીવ! તું આવો પરમાત્મસ્વરૂપ છો, નિજસ્વરૂપને શુદ્ધનયવડે તેં કદી જોયું નથી, આપૂર્ણ એટલે કે સમસ્ત પ્રકારે પૂર્ણ એવો પોતાનો આત્મા છે, તે સંકલ્પવિકલ્પોવડે અનુભવમાં ન આવે; તેનો અનુભવ થતાં તો સમસ્ત સંકલ્પ–વિકલ્પો છૂટી જાય છે. આ રીતે સ્વાનુભવમાં આવતો આત્મા નિજગુણોથી પરિપૂર્ણ ને સંકલ્પવિકલ્પોથી ખાલી છે.

અરે જીવ! તારા સ્વતત્ત્વને ચૂકીને અનંતકાળથી તું પરભાવના પંથે ભૂલો પડયો. પણ તારી શુદ્ધ જીવવસ્તુ તારામાં જ છે, શુદ્ધનયવડે તેને દેખ. એ આત્માનો નિજભાવ છે; શુદ્ધનય તે પણ આત્માનો નિજભાવ છે. શુદ્ધનયથી પોતાના શુદ્ધાત્માને અનુભવીને આચાર્યદેવ આખા જગતને કહે છે કે તમે પણ ભ્રાંતિ છોડીને આવા શુદ્ધઆત્માને અનુભવો. સ્વસન્મુખ થઈને આવો અનુભવ કરો. પરભાવોના દુઃખમાં અનંતકાળ કાઢયો, હવે એક ક્ષણ પણ એમાં ન ગુમાવો ને સ્વભાવને અનુભવવાનો અભ્યાસ કરો.

પ્રશ્નઃ– આવો અનુભવ કરવાનું સાધન શું?

ઉત્તરઃ– એનું સાધન ક્યાંય બહારમાં નથી, પોતાનું શ્રુતજ્ઞાન જ એનું સાધન છે. જ્યાં શ્રુતજ્ઞાન અંતરમાં વળ્યું ત્યાં આવો અનુભવ થાય છે. શુદ્ધનય કહો કે ભાવશ્રુતજ્ઞાન કહો તે જ સ્વાનુભવનું સાધન છે. સ્વાનુભવનું સાધન સ્વાનુભવથી અભિન્ન છે, સ્વાનુભવથી ભિન્ન નથી.

અહો, આ સ્વાનુભવની આવી વાત....તે સમજાવીને સંતોએ પંચમકાળમાં અમૃત રેડયાં છે. આ સમયસાર વડે શુદ્ધનયરૂપી અમૃતના કળશ ભરી ભરીને અમૃતચંદ્રાચાર્યદેવે ભગવાન શુદ્ધ આત્માનો અભિષેક કર્યો છે, સ્વાનુભૂતિવડે આવો અભિષેક કરતાં આત્મા પવિત્ર થાય છે એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે છે.

## દુઃખી

મારું સુખ પરમાં છે એવી જેની બુદ્ધિ છે તે જીવ, ભલે તેની પાસે કરોડો રૂપિયા હોય ને મેવા–જાંબુ ખાતો હોય તથા સોનાના હીંડોળે હીંચતો હોય તો પણ આકુળતાથી દુઃખી જ છે. આનંદધામ એવા સ્વતત્ત્વનો મહિમા છોડીને પરનો મહિમા કર્યો તે જ દુઃખ છે.

(સુખશક્તિના પ્રવચનમાંથી)

卐

# શુદ્ધાત્મઅનુભૂતિ અમને સદા પ્રગટ હો

**જૈનશાસન શુદ્ધાત્માની અનુભૂતિમાં સમાય છે; શુદ્ધઅનુભૂતિથી જે બહાર તે બધુંય જૈનશાસનથી બહાર. શુદ્ધઆત્માની અનુભૂતિ વગર જૈનશાસનના મર્મની ખબર પડે નહિ. શુદ્ધાત્માની અનુભૂતિ એ જ જૈનશાસનમાં ઉપાદેય છે. એ શુદ્ધાત્મઅનુભૂતિ આનંદ ભરેલી છે.**

**( કલશટીકા પ્રવચન )**

**સન્તો અખંડ અનુભૂતિની ને કેવળજ્ઞાન પ્રકાશની જ ભાવના કરે છે-**

अखंडितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

શુદ્ધઆત્માની અનુભૂતિમાં ઉત્કૃષ્ટ ચૈતન્ય જ પ્રકાશે છે, ને આવી અનુભૂતિ જ આત્માનું સ્વરૂપ છે. માટે આવી અનુભૂતિવડે અખંડ ચૈતન્યતેજ અમને સદા પ્રકાશમાન હો. શુદ્ધસ્વરૂપના અનુભવથી બહાર બીજું કાંઈ ઉપાદેય નથી. આવો શુદ્ધઅનુભવ તે જ ઉપાદેય છે, તેમાં જ આત્મા અખંડપણે પ્રકાશે છે. વિકલ્પમાં અખંડઆત્મા પ્રકાશતો નથી. ઇન્દ્રિયજ્ઞાન પણ ખંડખંડરૂપ છે, તેમાં આત્મા પ્રકાશતો નથી, ઇન્દ્રિયજ્ઞાન અખંડ આત્માને અનુભવમાં લઈ શકતું નથી; તે તો આકુળતાવાળું છે, તે ઉપાદેય નથી. જે જ્ઞાન અંતરમાં વળીને અતીન્દ્રિયપણે શુદ્ધચૈતન્યવસ્તુનો અનુભવ કરે તે જ ઉપાદેય છે. અનુભવમાં આવતો આત્મા અતીન્દ્રિયસ્વભાવી છે, તે ઇન્દ્રિયગ્રાહ્રી થતો નથી. શુદ્ધનયરૂપ જ્ઞાનવડે આવા આત્માની અનુભૂતિ તે સમસ્ત જિનશાસન છે. તે અનુભૂતિમાં જૈનશાસન છે, અનુભૂતિથી જુદું જૈનશાસન નથી; એટલે રાગાદિ ભાવો તે જૈનશાસન નહિ, તે જૈનધર્મ નહિ, તે મોક્ષમાર્ગ નહિ, તે પરભાવો જૈનશાસનથી બહાર, મોક્ષમાર્ગથી બહાર; શુદ્ધઆત્માની અનુભૂતિથી જે બહાર તે બધુંય જૈનશાસનથી બહાર. જેને શુદ્ધઆત્માની અનુભૂતિ

નથી તેને જૈનશાસનની ખબર નથી, તે ખરેખર જૈનશાસનમાં આવ્યો નથી. જેણે આત્માની અનુભૂતિ કરી તેણે સમસ્ત જિનશાસનનું રહસ્ય જાણી લીધું ને તે મોક્ષમાર્ગમાં આવ્યો.

આત્મા પોતે સ્વભાવિક સુખસ્વરૂપ છે; પણ પોતાની અનુભૂતિ વગર તે ઇન્દ્રિયજનિત સુખ–દુઃખની આકુળતા ભોગવી રહ્યો છે. તેને પોતાની શુદ્ધઅનુભૂતિવડે સહજ–અનાકુળ સુખનો અનુભવ થાય છે. અનુભવમાં આવતો આત્મા અંદર ને બહાર સર્વત્ર સર્વપ્રદેશોમાં, દ્રવ્યમાં તેમજ વ્યક્ત પર્યાયમાં જ્ઞાન ને આનંદથી જ ભરેલો છે. પર્યાય પણ આનંદથી ને જ્ઞાનથી ભરેલી છે. અસંખ્યપ્રદેશો સર્વત્ર આનંદ ને જ્ઞાનથી પરિપૂર્ણ છે. અસંખ્ય ચૈતન્યપ્રદેશો પોતે જ જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. સદાકાળ આવા આત્માનો અનુભવ રહ્યા કરો–એમ ધર્મીની ભાવના છે.

જેમ બરફનો પિંડ અંદર બહાર સર્વત્ર ઠંડકથી ભરેલો છે, તેમ ચૈતન્યબરફનો પિંડ આત્મા અસંખ્યપ્રદેશે સર્વત્ર શાંત–શીતળ આનંદથી ભરેલો છે. દ્રવ્યમાં તો આનંદ ભરેલો છે ને જ્યાં પર્યાય અંતર્મુખ થઈ ત્યાં તે પર્યાય આનંદથી ભરેલી છે.–આવી આનંદભરેલી અનુભૂતિ અમને સદા પ્રગટ હો.

## સાધકનો અપૂર્વ પુરુષાર્થ

**જેણે સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પૂર્વે કદી નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈપણ સંયોગમાં, ભયથી, લજ્જાથી લાલચથી કે કોઈપણ કારણથી અસત્‌ને પોષણ નહિ જ આપે.....એ માટે કદાચ કોઈ વાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તોપણ સત્‌થી ચ્યુત નહિ થાય, અસત્‌નો આદર કદી નહિ કરે. સ્વરૂપના સાધકો નિઃશંક અને નિડર હોય છે. સત્ સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મ્ય પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. જો સત્‌થી જરાપણ ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય, પણ જે ક્ષણે ક્ષણે સત્‌માં વિશેષ દ્રઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદ પુરુષાર્થ પાસે જગતમાં કાંઈપણ પ્રતિકૂળતા જ નથી. એ તો પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો,-તેને ડગાવવા ત્રણ જગતમાં કોણ સમર્થ ? અહો ! આવા સ્વરૂપના સાધકને ધન્ય છે !!**

# મોક્ષ અને મોક્ષનું કારણ-એ બંને શુદ્ધ આત્માની ઉપાસનાથી જ થાય છે

## ( કલશટીકા-પ્રવચન )

હે મોક્ષાર્થી! મોક્ષને અર્થે તું તારા શુદ્ધાત્માની જ ઉપાસના કર, એટલે કે તેનો જ અનુભવ કર. જેમ મોક્ષ રાગરહિત છે તેમ તેનો માર્ગ પણ રાગરહિત છે, તેમાં રાગનો કે પરનો સહારો જરા પણ નથી. શુદ્ધઆત્માને જે નથી જાણતો તે મોક્ષને પણ ખરેખર ઓળખતો નથી. શુદ્ધઆત્માને અનુભવમાં જે ઉપાદેય જાણે છે તેણે જ ખરેખર મોક્ષને ઉપાદેય કર્યો છે, કેમકે મોક્ષ અને મોક્ષનો માર્ગ તો શુદ્ધાત્માના સેવનમાં જ છે.–એ વાત સમજાવે છેઃ–

एव ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।। १५।।

પ્રથમ તો મોક્ષાર્થીજીવની વાત છે; જે મોક્ષાર્થી છે તેણે શું કરવું? મોક્ષ જ જેને પ્રિય છે, મોક્ષ જ જેને ઉપાદેય છે એવા જીવને પોતાનું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ સદા અનુભવવા યોગ્ય છે, તે જ સર્વ પ્રકારે ઉપાસવાયોગ્ય ને સેવવાયોગ્ય છે. શુદ્ધ આત્માના અનુભવથી મોક્ષ થાય છે. તેમાં કોઈ બીજાનો સહારો નથી. શુદ્ધાત્માને જે ઉપાદેય કરે તેને જ મોક્ષ ઉપાદેય થાય છે, શુદ્ધ જ્ઞાનપુંજ આત્માને જે નથી ઓળખતો તે શુદ્ધદશારૂપ મોક્ષને પણ ખરેખર નથી ઓળખતો. મોક્ષમાર્ગને ઉપાસવો હોય તો હે જીવો! શુદ્ધ આત્માની સમ્યક્ ઉપાસના કરો. તેની ઉપાસનાથી સાધકપણું અને સિદ્ધપણું થાય છે.

રાગરહિત એવી જે મોક્ષદશા, તે રાગના સેવન વડે કેમ થાય? રાગને જે મોક્ષદશાનું સાધન માને છે તેણે રાગરહિત મોક્ષદશાને ઓળખી નથી. મોક્ષ રાગરહિત છે તો તેનું સાધન પણ રાગરહિત જ હોય; આત્માનો જે શુદ્ધસ્વભાવ તેની રાગરહિત ઉપાસના તે જ મોક્ષનું સાધન છે. મોક્ષ તે રાગરહિત શુદ્ધદશા, ને તેનું સાધન પણ રાગરહિત શુદ્ધદશા, એ બંને દશા શુદ્ધ આત્મસ્વભાવને ઉપાદેય કરીને તેને ઉપાસવાથી જ થાય છે. આ રીતે આત્મા પોતે પોતામાં જ સાધક ને સાધ્ય ભાવરૂપે પરિણમે છે, તેથી મોક્ષને માટે બીજા કોઈ દ્રવ્યનો સહારો નથી; શુદ્ધાત્માનો અનુભવ કરતાં મોક્ષમાર્ગ અને મોક્ષ થઈ જાય છે.

ભાઈ, મોક્ષનું કારણ તારામાં જ છે, ક્યાંય બહાર ન ઢૂંઢ. અંતર્મુખ અનુભવદ્વારા આ આત્મા પોતે જ મોક્ષમાર્ગરૂપ પરિણમીને મોક્ષનું કારણ થાય છે. આત્માથી ભિન્ન કોઈ બીજાને તું મોક્ષનું કારણ બનાવવા માંગીશ તો મોક્ષનું સાચું સાધન તને નહિ મળે. મોક્ષના ઉપાયમાં પરદ્રવ્યનો કિંચિત સહારો નથી. માટે હે મોક્ષાર્થી! સ્વસન્મુખ થઈને આત્માનો જ અનુભવ કર.

આત્મા કેવો છે? દર્શન–જ્ઞાન–ચારિત્રની અભેદતાથી એકરૂપ અનુભવતાં તે શુદ્ધ છે; પણ દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદથી લક્ષમાં લેતાં અશુદ્ધતાનો અનુભવ થાય છે. અભેદના અનુભવથી જ દ્રવ્યના સહજ સ્વભાવનો અનુભવ થાય છે. પ્રમાણથી જોતાં આત્મામાં અશુદ્ધતા ને શુદ્ધતા (અથવા ભેદ ને અભેદ) બંને એક સાથે છે.–છતાં શુદ્ધતાનો અનુભવ તો અભેદના આશ્રયે જ થાય છે. પોતામાં વ્યવહારથી જે ભેદ છે તેના આશ્રયથી પણ અશુદ્ધતાનો અનુભવ થાય છે, તોપછી પરના આશ્રયની તો વાત ક્યાં રહી?

આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ત્રણ ગુણરૂપ પરિણમે છે, એટલે કે એક અખંડ આત્માને ગુણભેદથી જોતાં તેનામાં ગુણભેદ પણ દેખાય છે. એ ભેદને જોવો તે વ્યવહાર છે; ને પરમાર્થથી આત્મા નિર્વિકલ્પ–સર્વ ભેદરહિત એકાકાર વસ્તુ છે, તે સ્વાનુભવમાં વ્યક્ત છે, ને સર્વ વિભાવનો મેટનશીલ છે, એટલે કે એનો નિજસ્વભાવ પરમ શુદ્ધ છે, તેમાં કોઈ વિભાવ નથી; તેના અનુભવથી સમસ્ત વિભાવ મટી જાય છે.–આવા આત્માના અનુભવથી જ સાધ્યની સિદ્ધિ થાય છે.

આત્મા શુદ્ધ છે;–કેમ શુદ્ધ છે? કે સર્વ રાગાદિ વિભાવને મટાડવાનો તેનો સ્વભાવ છે, તેના અનુભવથી સર્વે રાગાદિ મટી જાય છે, તેથી તેનો સ્વભાવ શુદ્ધ છે. જુઓ, એના અનુભવથી શુદ્ધતા થાય છે ને અશુદ્ધતા મટે છે, માટે એનો સ્વભાવ શુદ્ધ છે, ને વિભાવનો મેટનશીલ છે. રાગાદિ અશુદ્ધ છે, કેમકે તેના અનુભવથી અશુદ્ધતા થાય છે. વિભાવ કેમ મટે? કે જેમાં વિભાવ નથી એવા શુદ્ધસ્વભાવના અનુભવવડે વિભાવ મટે. વિકારનો નાશ કરે એવો સ્વભાવ તો ત્રિકાળ છે જ, પણ તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરે ત્યારે અશુદ્ધતા ટળે.

આત્માનો સ્વભાવ કોઈથી બંધાવાનો નથી, બધાયથી છૂટવાનો જ સ્વભાવ છે. સ્વભાવ તો છૂટો છે ને તેના અનુભવથી પર્યાયમાં શુદ્ધિ થઈને વિભાવ છૂટે છે. માટે આત્માસંબંધી અનેક વિકલ્પોથી બસ થાઓ, નિશ્ચયથી શુદ્ધ છું ને વ્યવહારથી અશુદ્ધ છું અથવા મારો સ્વભાવ શુદ્ધ છે ને અશુદ્ધતા મારા સ્વભાવમાં નથી–એવા અનેક વિકલ્પોથી अलम् એટલે બસ થાઓ, એ વિકલ્પોવડે કાંઈ સિદ્ધિ નથી, શુદ્ધ–આત્માના અનુભવરૂપ દર્શન–જ્ઞાન–ચારિત્રવડે જ સાધ્યની સિદ્ધિ થાય છે. માટે વિકલ્પથી પાર શુદ્ધવસ્તુને પ્રત્યક્ષ

આસ્વાદમાં લ્યો. શુદ્ધ સ્વરૂપનું અવલોકન, તેનું પ્રત્યક્ષ સંવેદન ને તેમાં લીનતા–એના વડે જ સાધ્યની સિદ્ધિ થાય છે ને બીજી કોઈ રીતે સાધ્યની સિદ્ધિ થતી નથી, સાધ્ય એટલે આત્માની પૂર્ણ શુદ્ધ મોક્ષદશા, તેનું સાધન પણ શુદ્ધ જ હોય; વિકલ્પ એનું સાધન ન હોય. માટે કહે છે કે હે મોક્ષાર્થી! મોક્ષને અર્થે તું તારા શુદ્ધાત્માની જ ઉપાસના કર, એટલે કે તેનો જ અનુભવ કર. મોક્ષ અને મોક્ષનો માર્ગ શુદ્ધાત્માના સેવનમાં જ સમાય છે.

# સમ્યક્ત્વ

નિષ્કંપ મેરૂવત અને નિર્મળ ગ્રહી સમ્યક્ત્વને,
શ્રાવક! ધ્યાવો ધ્યાનમાં એને જ દુઃખક્ષયહેતુએ. ૮૬
સમ્યક્ત્વને જે ધ્યાવતો તે જીવ સમ્યક્ દ્રષ્ટિ છે,
દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે સમ્યક્ત્વના પરિણમનથી. ૮૭
અધિક શું કહેવું અરે! સિધ્યા અને જે સિદ્ધશે,
વળી સિદ્ધતા–સૌ નરવરો, મહિમા બધો સમ્યક્ત્વનો. ૮૮
સમ્યક્ત્વ–સિદ્ધિકર અહો, સ્વપ્નેય નહિ દુષિત છે,
તે ધન્ય છે સુકૃતાર્થ છે, શૂર વીર ને પંડિત છે. ૮૯

(–ભગવત્ કુંદકુંદસ્વામી)

ત્રણકાળ ને ત્રણલોકમાં સમકિત સમ નહિ શ્રેય છે,
મિથ્યાત્વ સમ અશ્રેય કો નહિ જગતમાં આ જીવને. ૩૪

(–શ્રી સમન્તભદ્રસ્વામી)

卐

# શુદ્ધ ચૈતન્યવસ્તુને અંતરમાં દેખો

**અનાદિથી અજ્ઞાનજન્ય વિકલ્પજાળમાં ઢંકાયેલી શુદ્ધ ચૈતન્યવસ્તુને પરભાવોથી અત્યંત જુદી બતાવીને સંતો કહે છે કે અરે જીવો! તમારી આ ચૈતન્યવસ્તુને સદાય પરભાવોથી અત્યંત ભિન્નપણે અનુભવો. અરે જીવ! એક ક્ષણ પણ તું વિકલ્પ વગરનો નથી રહી શકતો; એકવાર તો વિકલ્પથી જુદો પડીને તારી સ્વવસ્તુને દેખ.....તને કોઈ અપૂર્વ આનંદ થશે. એ સ્વાનુભવદશાનું સરસ વર્ણન કરીને અહીં તેની પ્રેરણા કરે છે.**

**( કલશ ટીકા-પ્રવચન )**

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

જેને નજરમાં લેતાં અપૂર્વ ચૈતન્યનિધાન પ્રગટ દેખાય એવી વસ્તુ પોતામાં જ છે, તેને સર્વથા અનુભવો. दृश्यतां નો અર્થ જ અનુભવરૂપ કરો–એવો કર્યો. અમને આવી શુદ્ધજ્યોતિરૂપ આત્મવસ્તુ જ સંપૂર્ણપણે અનુભવરૂપ હો. આચાર્યદેવને સાધકદશા તો શુદ્ધાત્માના અનુભવથી થઈ છે, ને તેની જ પૂર્ણતાની ભાવના ભાવે છે.

જેમ નાટકમાં એક જ માણસ જુદા જુદા અનેક ભાવો દેખાડે છે તેમ આ 'સમયસાર–નાટક' માં એક જીવવસ્તુ જુદા જુદા આશ્ચર્યકારી અનેક ભાવોપણે દેખાય છે. ક્યારેય શુદ્ધરૂપે ક્યારેય અશુદ્ધરૂપે એમ અનેક ભિન્નભિન્ન ભાવપણે એક જ જીવવસ્તુ પરિણમતી દેખાય છે; તે જાણતાં આશ્ચર્ય ઉપજે છે. ને તે બધા ભાવોમાં એકરૂપે રહેનાર શુદ્ધજીવવસ્તુને સમ્યગ્દ્રષ્ટિ ઓળખી લ્યે છે. અનેકપણાને દેખતાં જીવવસ્તુના સાચા સ્વરૂપનું દર્શન (સમ્યક્–દર્શન) થતું નથી. એકરૂપ રહેનાર એવા શુદ્ધસ્વરૂપે દેખતાં જીવવસ્તુનું સાચું સ્વરૂપ દેખાય છે એટલે કે સમ્યક્–દર્શન થાય છે.

અરે, તારું આવું શુદ્ધતત્ત્વ, તેને અમર્યાદિત કાળથી તેં નવતત્ત્વની વિકલ્પજાળમાં ઢાંકી દીધું. વિકલ્પના અનુભવમાં જ તું ગૂંચવાયો પણ વિકલ્પથી બહાર નીકળીને તારી

ચૈતન્યવસ્તુને તેના એકસ્વરૂપે તેં અનુભવમાં ન લીધી. તેં જ તારી વસ્તુને મિથ્યાવિકલ્પ–જાળથી ઢાંકી દીધી. પણ હવે અમે તને વિકલ્પજાળમાંથી બહાર કાઢીને શુદ્ધ ચૈતન્યવસ્તુ બતાવી, માટે હવે આ શુદ્ધ ચૈતન્યવસ્તુને તારા સર્વ ગુણપર્યાયોમાં પ્રકાશમાન તું દેખ. દૃશ્યતાં એટલે અંતર્દ્રષ્ટિવડે તેને અનુભવરૂપ કર. દેખવાનો અર્થ જ અનુભવ કહ્યો.

નવતત્ત્વની વિકલ્પજાળ એટલે કે રાગાદિ વિભાવો સાથે એકત્વરૂપ પરિણમન, તે પણ છે તો જીવના જ અસ્તિત્વમાં, રાગાદિ પરિણામ કાંઈ જડવસ્તુમાં નથી. આ રીતે સુવર્ણપાષાણની જેમ આત્મા વિકારદશારૂપ અનાદિથી વર્તી રહ્યો છે; પોતે સ્વયં એવી વિભાવદશારૂપે પરિણમી રહ્યો છે.–માટે તે પણ અસ્તિરૂપ છે, તે સર્વથા જૂઠ નથી.–આ તો પર્યાયનું જ્ઞાન કરાવીને એક પક્ષ બતાવ્યો.

અથ એટલે કે હવે બીજો પક્ષ દેખાડે છેઃ પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા હોવા છતાં શુદ્ધજીવવસ્તુની દ્રષ્ટિથી જુઓ તો તે વસ્તુ સદા એકરૂપ છે, સદાય વિભાવથી વિભક્ત છે, તે શુદ્ધજીવવસ્તુ પર્યાયેપર્યાયે સદા પ્રકાશમાન છે, તેને પરભાવથી ભિન્નપણે દેખો. વિકલ્પ અનાદિનો છે તે કાંઈ શુદ્ધજીવવસ્તુમાં ઘૂસી ગયો નથી. અનાદિથી પરવસ્તુ વગર જ (પરના અભાવમાં જ) આત્મા રહ્યો છે; અજ્ઞાનીએ અનાદિથી વિકલ્પ વગર એક ક્ષણ પણ ચલાવ્યું નથી, વિકલ્પને જ અનુભવ્યા કરે છે; તે વિકલ્પ વગરનો થઈને એટલે કે તેનાથી જુદો પડીને, વિકલ્પથી રહિત એવી શુદ્ધ જીવવસ્તુને પ્રતીતમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનને પર વિના ચાલે છે, વિકલ્પ વિના પણ ચાલે છે, પણ પોતાની શુદ્ધજીવવસ્તુ વગર સમ્યગ્દર્શનને એક ક્ષણ પણ ચાલે નહિ.

જુઓ, આ ભગવાનના મોટા ધર્મદરબારમાં સમવસરણમાં દિવ્યધ્વનિથી ચૈતન્યવસ્તુ ખુલ્લી કરીને ભગવાને બતાવી છે; ને સમકિતી–સંતોએ ઝીલીને તે પ્રગટ કરી છે. અરે, આવી શુદ્ધચૈતન્યવસ્તુ આત્મજ્યોત સદાય પ્રકાશમાન છે, પણ વિકલ્પોના ધૂમાડા આડે અજ્ઞાનીને તે દેખાતી નથી. જે એકલા ધૂમાડા જેવા વિકલ્પને જ દેખે–અનુભવે, તેને શુદ્ધ ચૈતન્યના આનંદરૂપ લાપસી ક્યાંથી દેખાય? તેનો સ્વાદ ક્યાંથી આવે? ભાઈ, અમે તારી ચૈતન્યવસ્તુને ખૂલ્લી કરીને બતાવી છે, તેને તું દેખ. વિભાવ વખતેય તારી જીવવસ્તુ એકસ્વરૂપે પ્રકાશમાન છે, તે કાંઈ નાશ પામી ગઈ નથી.

જુઓ, બંને પડખાં બતાવીને, શુદ્ધજીવવસ્તુને અનુભવવાનું કહ્યું બે પડખાં કયા?

(૧) પર્યાયમાં નવવિકલ્પરૂપ વિભાવપરિણમન.

(૨) વિકલ્પથી પાર શુદ્ધ એકરૂપ જીવવસ્તુ.

એ બંનેને જાણીને જ્ઞાન વિકલ્પથી જુદું થઈને શુદ્ધજીવવસ્તુને અનુભવે છે, તે જ સમ્યક્ત્વ અને મોક્ષમાર્ગ છે. એકલા વિકલ્પને જાણતાં તેના જ અનુભવમાં જે જ્ઞાન અટકી જાય તે જ્ઞાન શુદ્ધજીવવસ્તુને જાણી શકે નહિ, તેનું જ્ઞાન એકાન્ત છે, તે સમ્યગ્જ્ઞાન નથી.

શુદ્ધજીવવસ્તુને જાણનારું જ્ઞાન વિકલ્પના અનુભવમાં અટકે નહિ, એ તો વિકલ્પ વખતેય એનાથી પાર શુદ્ધજીવવસ્તુને પ્રકાશમાન દેખે છે.–આ જ સમ્યગ્દર્શન છે.

પર્યાયમાં રાગાદિ વિકલ્પ છે, નવતત્ત્વના વિકલ્પ છે, પણ તે વિકલ્પના અનુભવવડે કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન તો શુદ્ધઆત્મવસ્તુના અનુભવરૂપ છે. અજીવ વસ્તુ દેહ–મન–વાણી વગેરેનું તો જીવમાં અસ્તિત્વ જ નથી, એટલે તેની તો વાત જ શું? અહીં તો જીવની પર્યાયમાં જેનું અસ્તિત્વ છે એવા વિકલ્પ, તે પણ શુદ્ધઆત્માના અનુભવથી બહાર છે,–એમ બતાવ્યું છે. બંને પડખાં જાણીને શુદ્ધસ્વભાવ તરફ ઢળવું ને તેને અનુભવમાં લેવો તે મોક્ષમાર્ગ છે. ચેતનાલક્ષણવાળો જીવ–એવો ગુણભેદનો વિકલ્પ પણ શુદ્ધવસ્તુના અનુભવમાં નથી; શુદ્ધવસ્તુનો અનુભવ નિર્વિકલ્પ છે, તેની પ્રતીત નિર્વિકલ્પ છે, તેનું જ્ઞાન પણ વિકલ્પથી જુદું એટલે નિર્વિકલ્પ છે. જેટલા સવિકલ્પભાવો છે તે કોઈ સ્વાનુભવમાં નથી એટલે તે મોક્ષમાર્ગરૂપ નથી. માટે હે જીવો! શુદ્ધજીવવસ્તુને પર્યાયેપર્યાયે વિકલ્પથી ભિન્ન અનુભવો.

અનાદિકાળમાં પૂર્વે જેનો અનુભવ નથી કર્યો એવા શુદ્ધઆત્માના અનુભવની આ વાત છે. જીવે અજ્ઞાનભાવે અનાદિથી વિકલ્પનો જ અનુભવ કર્યો છે, પોતાની શુદ્ધવસ્તુ જેવી છે તેવી વિકલ્પ વગર તેણે કદી અનુભવી નથી.–આવા અનુભવ વગર સમ્યક્ત્વ થાય નહિ. તે અનુભવ કેમ થાય તેની આ વાત છે. શુદ્ધવસ્તુ એવી નથી કે વિકલ્પમાં તે આવી જાય. આવી શુદ્ધવસ્તુને અનુભવી–અનુભવીને પરમાત્મપદ સાધનારા જીવો પણ જગતમાં અનાદિથી થતા આવે છે. શુદ્ધવસ્તુનો સ્વાનુભવ કરીને તેની રીત સંતોએ બતાવી છે; વિકલ્પજાળમાંથી શુદ્ધચૈતન્યવસ્તુને બહાર કાઢીને જુદી બતાવી છે. જેમ સુવર્ણપાષાણમાં જો સુવર્ણને જુઓ તો પત્થરથી જુદું સોનું છે, તેમ નવતત્ત્વમાં જો વિકલ્પને ન જોતાં શુદ્ધદ્રષ્ટિથી જુઓ તો આત્મા વિકલ્પ વગરનો શુદ્ધચૈતન્યપણે પ્રકાશમાન છે.

એ જ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવતામાં પણ શુદ્ધદ્રષ્ટિથી આવો એકરૂપ શુદ્ધઆત્મા જ પ્રકાશમાન છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવ આત્મામાં નથી–એવું નથી, પરંતુ તે ઉત્પાદ–વ્યય–ધ્રુવના ભેદના વિકલ્પમાં રોકાતાં શુદ્ધવસ્તુની અનુભૂતિ થતી નથી; શુદ્ધ વસ્તુની અનુભૂતિના કાળે ઉત્પાદ–વ્યય–ધ્રુવના વિકલ્પો હોતા નથી; ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો હોય છે પણ તેના વિકલ્પો નથી હોતા; જેમ સ્વાનુભવ વખતે ય જીવને સંવર–નિર્જરારૂપ પરિણમન તો છે, પણ તે સંવર–નિર્જરાના વિકલ્પ નથી. આ રીતે સ્વાનુભવથી વસ્તુને જોતાં સમસ્ત ભેદ–વિકલ્પ જૂઠા છે–અસત્ છે.

સમ્યક્ત્વની ઉત્પત્તિના પ્રસંગમાં કોઈ વિકલ્પ હોતા નથી, ત્યાં તો શુદ્ધવસ્તુની સ્વાનુભૂતિ જ છે. ભાઈ, આવી વસ્તુ તારા અંતરમાં વિદ્યમાન છે, તે વિદ્યમાન વસ્તુના અનુભવમાં વિકલ્પનો પ્રવેશ નથી, એટલે તેનું અવિદ્યમાનપણું છે.

નિર્મળઅવસ્થાના ઉત્પાદ–વ્યયને કાંઈ વસ્તુમાંથી કાઢી શકાતો નથી, તે તો વસ્તુનું સ્વરૂપ જ છે; પણ આ વસ્તુ ને આ તેના ઉત્પાદ–વ્યય–એવા ભેદો પાડતાં એકરૂપ વસ્તુ અનુભવમાં નથી આવતી, વિકલ્પ મટતો નથી; માટે કહે છે કે ભેદને દેખવાથી શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન થતું નથી. એકાકાર થઈને શુદ્ધવસ્તુને અભેદપણે–તેમાં એકાગ્ર થઈને દેખતાં જ સમ્યગ્દર્શન થાય છે. એકવાર સ્વાનુભવથી આવી પ્રતીત થઈ પછી સવિકલ્પકાળે પણ તે પ્રતીત ખસતી નથી. છતાં પછી પણ મોક્ષમાર્ગમાં અભેદ–સ્વાનુભવવડે આગળ વધાય છે, ને કેવળજ્ઞાન થાય છે.

નવના વિકલ્પ નહિ, દ્રવ્ય–ગુણ–પર્યાય કે ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણના વિકલ્પ નહિ, ને ગુણ–ગુણીભેદરૂપ બેના વિકલ્પવડે, કે હું જ્ઞાયક એવા એકના વિકલ્પવડે પણ સ્વાનુભૂતિ કે સમ્યગ્દર્શન થતું નથી. સમસ્ત વિકલ્પોથી જુદી જ જ્ઞાનજ્યોત પ્રકાશે છે, તે જ સ્વાનુભૂતિ છે. સ્વાનુભવ વગર અજ્ઞાની જીવ નવતત્ત્વના વિકલ્પમાં સંતાયેલી આ જ્ઞાનજ્યોતિને શોધી શકતો ન હતો; વિકલ્પજાળમાં તન્મય થઈને પોતે પોતાના શુદ્ધસ્વરૂપને સંતાડી દીધું હતું.–ઢાંકી દીધું હતું, તેને અહીં ખુલ્લું કરીને સન્તોએ દેખાડયું છે. ‘વાહ! सरस सहस यह ग्रंथ!’ સ્વાનુભવનો પંથ આ ગ્રંથમાં પ્રગટ કર્યો છે. ‘समयसार’ એટલે સારમાં સાર વસ્તુ, એનું દોહન કરીને અમૃતચંદ્રાચાર્યે ટીકા અને કલશ રચ્યા; તે કળશના પણ અધ્યાત્મભાવો ખોલીને આ કળશટીકામાં એકલો સાર ભરી દીધો છે...એકલો શુદ્ધાત્માના અનુભવનો અધ્યાત્મરસ ઘૂંટયો છે. આ સમયસાર એટલે ભરતક્ષેત્રનો ભગવાન...ને એનો વાચ્ય ‘ભગવાન સમયસાર’ અંતરમાં છે.

ચેતના જેનું લક્ષણ છે તે આત્મા–એમ લક્ષણ વડે અનુમાન થાય છે, પણ પ્રત્યક્ષ અનુભવ થતો નથી. શુદ્ધાત્માના પ્રત્યક્ષ અનુભવમાં તો લક્ષણનોય વિકલ્પ નથી, અનુભવ વસ્તુ જુદી છે ને વિકલ્પ વસ્તુ જુદી છે. ‘જ્ઞાન તે આત્મા’ એટલોય વિકલ્પ સ્વાનુભવમાં સમાય નહિ. સ્વાનુભવમાં આખો શુદ્ધ આત્મા સમાય, પણ વિકલ્પનો એક કણિયો પણ એમાં ન સમાય. ચોથા ગુણસ્થાને સમ્યક્ત્વમાં આવી વસ્તુ અનુભવમાં આવી જાય છે, ને ત્યારે જ મોક્ષમાર્ગની ધારા શરૂ થાય છે.

ઉમાસ્વામી તત્ત્વાર્થસૂત્રમાં કહે છે–उत्पादव्ययध्रौव्ययुक्तं सत्,

અહીં કહે છે કે સ્વાનુભવમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવના વિકલ્પ અસત્,

–બંનેમાં કાંઈ વિરુદ્ધતા નથી. ત્યાં પ્રમાણવસ્તુનું જ્ઞાન કરાવ્યું છે; ને અહીં તે જ્ઞાનપૂર્વક શુદ્ધવસ્તુસ્વભાવના અનુભવની વાત છે. આત્માનો અનુભવ કેમ થાય તેની આ વાત છે. આવો અનુભવ કરવો તે સિદ્ધાંતનો સાર છે, તે જ આત્માનું હિત છે.

# નિર્વિકલ્પ-સ્વાનુભૂતિ થવાનું સુંદર વર્ણન

## સ્વરૂપના ચિંતનમાં આનંદતરંગ ઊઠે છે...રોમાંચ થાય છે

卐

**( મુમુક્ષુને અત્યંત ઉપયોગી સુંદર લેખ )**

**સમ્યગ્દ્રષ્ટિ શુભાશુભ પરિણામમાં વર્તતા હોય ત્યારે પણ તેમને શુદ્ધાત્મ- પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન સળંગપણે ટકી રહે છે તે ગતાંકના લેખમાં બતાવ્યું. હવે સમ્યગ્દ્રષ્ટિ પણ ક્યારેક કયારેક સ્વરૂપનું ધ્યાન કરે છે; તે સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા નિર્વિકલ્પ આત્મધ્યાન કઈ રીતે કરે છે તથા સ્વરૂપનું ચિંતન કયા પ્રકારે કરે છે, સ્વરૂપનું ચિંતન કરતાં શું થાય છે, અને જિજ્ઞાસુને પણ સ્વરૂપના ધ્યાન માટે કેવો ઉદ્યમ ને કેવી પૂર્વ વિચારણા હોય-તે સંબંધી આ લેખ દરેક મુમુક્ષુને મનનીય છે.**

*

સમ્યગ્દ્રષ્ટિ કદાચિત સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે, ત્યાં પ્રથમ સ્વ-પર સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે; નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ, રહિત ચૈતન્યચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવળ સ્વાત્મવિચાર જ રહે છે; ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે, ‘હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું,’ ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ થાય છે; ત્યારપછી એવા વિચારો પણ છૂટી જાય અને સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે, ત્યાં સર્વ પરિણામ તે રૂપ વિષે એકાગ્ર થઈ પ્રવર્તે; દર્શન-જ્ઞાનાદિકના વા નય-પ્રમાણાદિના વિચાર પણ વિલય થઈ જાય. સવિકલ્પ-ચૈતન્યસ્વરૂપ વડે જે નિશ્ચય કર્યો હતો તેમાં જ વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે કે જ્યાં ધ્યાતા-ધ્યેયપણું દૂર થઈ જાય, અને આવી દશાનું નામ નિર્વિકલ્પઅનુભવ છે.”

જુઓ, આ સ્વાનુભવની અલૌકિક ચર્ચા. અહીં તો એકવાર જેને સ્વાનુભવ થયો હોય ને ફરીને તે નિર્વિકલ્પ-સ્વાનુભવ કરે તેની વાત કરી; પરંતુ પહેલીવાર જે નિર્વિકલ્પ- સ્વાનુભવનો ઉદ્યમ કરે છે તે પણ આ જ પ્રકારે ભેદજ્ઞાન અને સ્વરૂપચિંતનના અભ્યાસ- દ્વારા પરિણામને નિજસ્વરૂપમાં તલ્લીન કરીને સ્વાનુભવ કરે છે. આ નિર્વિકલ્પ અનુભવ

વખતે આત્મા પોતે પોતામાં વ્યાપ્ય–વ્યાપકપણે એવો તલ્લીન વર્તે છે, એટલે કે દ્રવ્ય–ગુણ–પર્યાયની એવી એકતા થાય છે, કે ધ્યાતા–ધ્યેયના ભેદ પણ તેમાં રહેતા નથી; આત્મા પોતે પોતામાં લીન થઈને પોતાનો સ્વાનુભવ કરે છે. સ્વાનુભવના પરમ આનંદનો ભોગવટો છે પણ તેનો વિકલ્પ નથી. એકવાર આવો નિર્વિકલ્પઅનુભવ જેને થયો હોય તેને જ નિશ્ચય સમ્યક્ત્વ જાણવું. એ અનુભવની રીત અહીં બતાવે છે.

અહીં સમ્યગ્દૃષ્ટિ કઈ રીતે નિર્વિકલ્પ અનુભવ કરે છે તે બતાવ્યું છે, તેમના ઉદાહરણ પ્રમાણે બીજા જીવોને પણ નિર્વિકલ્પ અનુભવ કરવાનો એ જ ઉપાય છે–એમ સમજી લેવું.

સમ્યગ્દૃષ્ટિને શુભાશુભ વખતે સવિકલ્પદશામાં સમ્યક્ત્વ કયા પ્રકારે વર્તતું હોય છે તે સમજાવ્યું; હવે કહે છે કે 'તે સમ્યગ્દૃષ્ટિ કદાચિત સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે.'–ચોથા ગુણસ્થાને કાંઈ સમ્યગ્દૃષ્ટિને વારંવાર સ્વરૂપધ્યાન નથી હોતું, પણ ક્યારેય શુભાશુભ પ્રવૃત્તિથી દૂર થઈ, શાંત પરિણામ વડે સ્વરૂપનું ધ્યાન કરવાનો ઉદ્યમ કરે છે, જે સ્વરૂપનો અપૂર્વ સ્વાદ સ્વાનુભવમાં ચાખ્યો છે તેને ફરી ફરી અનુભવવા માટે તે ઉદ્યમ કરે છે. ત્યારે પ્રથમ તો સ્વ–પરના સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે એટલે કે પહેલાં જે ભેદજ્ઞાન કરેલું છે તેને ફરી ચિંતનમાં લ્યે; આ સ્થૂળ જડ દેહાદિ તો મારાથી સ્પષ્ટ ભિન્ન છે, તેના કારણરૂપ અંદરના સૂક્ષ્મ દ્રવ્ય કર્મો તે પણ આત્મસ્વરૂપથી અત્યંત જુદા છે, બંનેની જાત જ જુદી છે; હું ચૈતન્ય ને એ જડ, હું પરમાત્મા ને એ પરમાણુ–એમ બંનેની ભિન્નતા છે, ને ભિન્નતા હોવાથી તે કર્મ મારું કાંઈ કરે નહિ. હવે અંદર આત્માની પર્યાયમાં ઊપજતા જે રાગ–દ્વેષ–ક્રોધાદિ ભાવકર્મો તેનાથી પણ મારું સ્વરૂપ અત્યંત જુદું છે; મારા જ્ઞાનસ્વરૂપની ને એ રાગાદિ પરભાવોની જાત જુદી છે; રાગનું વેદન તો આકુળતારૂપ છે ને જ્ઞાનનું વેદન તો શાંતિમય છે.–આમ ઘણા પ્રકારે દ્રવ્યકર્મ–નોકર્મ ને ભાવકર્મથી પોતાના સ્વરૂપની ભિન્નતાને ચિંતવે. એ બધાયથી ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર જ હું છું–એમ વિચારે. જુઓ, આવા વસ્તુસ્વરૂપના નિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને તો સ્વરૂપના ધ્યાનનો સાચો ઉદ્યમ ઉપડે નહિ. કેમકે જેનું ધ્યાન કરવાનું છે તેને પહેલાં ઓળખવું તો જોઈએ ને! ઓળખ્યા વગર ધ્યાન કોનું? એ પ્રમાણે સ્વ–પરની ભિન્નતાના વિચારથી પરિણામને જરાક સ્થિર કરે પછી પરના વિચાર છૂટીને કેવળ નિજસ્વરૂપના જ વિચાર રહે. જે સ્વરૂપ પહેલાં અનુભવ્યું છે અથવા જે સ્વરૂપ નિર્ણયમાં લીધું છે તેનો અત્યંત મહિમા લાવી લાવીને તેના વિચારમાં મનને એકાગ્ર કરે છે. પરદ્રવ્યોમાંથી ને પરભાવોમાંથી તો અહંબુદ્ધિ છોડી છે ને નિજસ્વરૂપને જ પોતાનું જાણીને તેમાં જ અહંબુદ્ધિ કરી છે. હું ચિદાનંદ છું, હું શુદ્ધ છું, હું સિદ્ધ છું, હું સહજ સુખસ્વરૂપ છું, અનંત શક્તિનો નિધાન હું છું, સર્વજ્ઞ સ્વભાવી હું છું–ઇત્યાદિ પ્રકારે પોતાના નિજસ્વરૂપમાં જ અહંબુદ્ધિ કરી કરીને તેને ચિંતવે છે. નિયમસારમાં પ્રભુ કુંદકુંદસ્વામી કહે છે કે–

**કેવલદરશ, કેવળવીરજ, કૈવલ્યજ્ઞાન સ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું-એમ જ્ઞાની ચિંતવે. (૯૬)**
**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે જુએ જે સર્વ, તે હું-એમ જ્ઞાની ચિંતવે (૯૭)**

-આવા નિજઆત્માની ભાવના કરવાની મુમુક્ષુને શિખામણ આપી છે. ને કહ્યું છે કે આવી ભાવનાના અભ્યાસથી મધ્યસ્થતા થાય છે, એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ આવી નિજાત્મભાવનાથી પ્રગટે છે. સમ્યગ્દર્શન થયા પછી, તેમ જ સમ્યગ્દર્શન કરવા માટે પણ આવી જ ભાવના અને આવું ચિંતન કર્તવ્ય છે. 'સહજ શુદ્ધાત્માની અનુભૂતિ એટલો જ હું છું, મારા સ્વસંવેદનમાં આવું છું એ જ હું છું-આવા સમ્યક્ ચિંતનમાં સહજ જ આનંદતરંગ ઊઠે છે ને રોમાંચ થાય છે...

જુઓ તો ખરા, આમાં ચૈતન્યની અનુભૂતિનો કેટલો રસ ઘૂંટાય છે! ઉપર કહ્યું ત્યાં સુધી તો હજી સવિકલ્પદશા છે. આ ચિંતનમાં 'આનંદતરંગ ઊઠે છે' તે હજી નિર્વિકલ્પ- અનુભૂતિનો આનંદ નથી પણ સ્વભાવ તરફના ઉલ્લાસનો આનંદ છે, શાંત પરિણામનો આનંદ છે; અને તેમાં સ્વભાવ તરફના અતિશય પ્રેમને લીધે રોમાંચ થાય છે. રોમાંચ એટલે વિશેષ ઉલ્લાસ; સ્વભાવ તરફનો વિશેષ ઉત્સાહ; જેમ સંસારમાં ભયનો કે આનંદનો કોઈ વિશિષ્ટ ખાસ પ્રસંગ બનતાં રોમરોમ ઉલ્લસી જાય છે તેને રોમાંચ થયો કહેવાય, તેમ અહીં સ્વભાવના નિર્વિકલ્પ અનુભવના ખાસ પ્રસંગે ધર્મીને આત્માના અસંખ્ય પ્રદેશે સ્વભાવના અપૂર્વ ઉલ્લાસનો રોમાંચ થાય છે. પછી ચૈતન્યસ્વભાવના રસની ઉગ્રતા વડે એ વિચારો (વિકલ્પો) પણ છૂટી જાય ને પરિણામ અંતર્મગ્ન થતાં કેવળ ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે, એટલે કે બધા પરિણામ સ્વરૂપમાં એકાગ્ર થઈને વર્તે, ઉપયોગ સ્વાનુભવમાં પ્રવર્તે, ત્યારે નિર્વિકલ્પ આનંદદશા અનુભવાય છે. ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધી કે નયપ્રમાણ વગેરે સંબંધી કોઈ વિચાર હોતો નથી, સર્વે વિકલ્પો વિલય પામે છે. અહીં સ્વરૂપમાં જ વ્યાપ્ય-વ્યાપકતા છે એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે એકમેક-એકાકાર અભેદપણે અનુભવાય છે. અનુભવ કરનારી પર્યાય સ્વરૂપમાં વ્યાપી ગઈ છે, જુદી રહેતી નથી. પરભાવો અનુભવથી બહાર રહી ગયા પણ નિર્મળ પર્યાય તો અનુભૂતિમાં ભેગી ભળી ગઈ.

પહેલાં વિચાર દશામાં જ્ઞાને જે સ્વરૂપ લક્ષમાં લીધું હતું, તે સ્વરૂપમાં જ્ઞાનનો ઉપયોગ જોડાઈ ગયો, ને વચ્ચેનો વિકલ્પ નીકળી ગયો, એકલું જ્ઞાન રહી ગયું એટલે અતીન્દ્રિય નિર્વિકલ્પ-અનુભૂતિ થઈ, પરમ આનંદ થયો. આવી અનુભૂતિમાં પ્રતિક્રમણ,

સામાયિક, પ્રત્યાખ્યાન વગેરે બધા ધર્મો સમાઈ જાય છે. આ અનુભૂતિને જ જૈનશાસન કહ્યું છે; એ જ વીતરાગમાર્ગ છે, એ જ જૈનધર્મ છે, એ જ શ્રુતનો સાર છે, સંતોની ને આગમની એ જ આજ્ઞા છે. શુદ્ધાત્મ–અનુભૂતિનો અપાર મહિમા છે તે ક્યાંસુધી કહીએ? જાતે અનુભૂતિ કરે એને એની ખબર પડે.

આ કોની વાત છે? ગૃહસ્થ–સમકિતીની વાત છે. જે હજી ઘર–કુટુંબ–પરિવાર વચ્ચે રહેલો છે, વેપાર ધંધા–રસોઈ વગેરેના ભાવ કરે છે ને અંદર એ બધાથી ભિન્ન શુદ્ધાત્માને પણ જાણ્યો છે, તે જીવ ઉદ્યમ વડે બહારથી પરિણામને પાછા ખેંચીને, ઉપયોગને નિજસ્વરૂપમાં જોડે છે ને નિર્વિકલ્પ અનુભવ કરે છે તેની આ વાત છે. આવો અનુભવ ચારેગતિના જીવોને (તિર્યંચ અને નરકને પણ) થઈ શકે છે. પહેલાં જેણે સાચો તત્ત્વનિર્ણય કર્યો હોય, વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઓળખાણ કરી હોય, નવ તત્ત્વમાં વિપરીતતા દૂર કરી હોય, પર્યાયમાં આસ્રવ–બંધરૂપ વિકાર છે, શુદ્ધદ્રવ્યના આશ્રયે એ ટળીને શુદ્ધાત્મઅનુભૂતિથી સંવર નિર્જરારૂપ શુદ્ધદશા પ્રગટે છે,–આમ અનેકાન્તવડે દ્રવ્ય–પર્યાય બધા પડખાના જ્ઞાનપૂર્વક શુદ્ધ અનુભવ થાય છે. અન્ય લોકો જે શુદ્ધ અનુભવની વાત કરે છે તેમાં અને જૈનના શુદ્ધ અનુભવમાં મોટો ફેર છે; અન્ય લોકો તો, પર્યાયમાં અશુદ્ધતા હતી ને શુદ્ધતા થઈ એના સ્વીકાર વગર એકાન્ત શુદ્ધ–શુદ્ધની વાત કરે છે પણ એવો (શુદ્ધ પર્યાય વિનાનો) શુદ્ધ અનુભવ હોય નહિ. જૈનનો શુદ્ધ અનુભવ તો શુદ્ધપર્યાયના સ્વીકાર સહિત છે. પહેલાં અશુદ્ધતા હતી તે ટળીને શુદ્ધપર્યાય થઈ તેને જો ન સ્વીકારે તો શુદ્ધતાનો અનુભવ કર્યો કોણે? ને એ અનુભવનું ફળ શેમાં આવ્યું? દ્રવ્ય અને પર્યાય એ બંનેના સ્વીકારરૂપ અનેકાન્ત વગર અનુભવ, અનુભવનું ફળ એ કાંઈ બની શકતું નથી. પર્યાય અંતર્મુખ થઈને જ્યારે શુદ્ધસ્વભાવનું આરાધન–સેવન–ધ્યાન કરે ત્યારે જ શુદ્ધ અનુભવ થાય છે.

આ શુદ્ધ અનુભવ એટલે કે નિર્વિકલ્પ અનુભવ શું ચીજ છે ને કેવી એ અંતરદશા છે! એ જિજ્ઞાસુએ લક્ષગત કરવા જેવું છે. અહા, નિર્વિકલ્પ અનુભવનું પૂરું કથન કરવાની વાણીની તાકાત નથી; જ્ઞાનમાં એને જાણવાની તાકાત છે, અંદર વેદનમાં આવે છે, પણ વાણીમાં એ પૂરું આવતું નથી; જ્ઞાનીની વાણીમાં એના માત્ર ઈશારા આવે છે. અરે, જે વિકલ્પને પણ ગમ્ય થતો નથી એવો નિર્વિકલ્પ અનુભવ વાણીથી કઈ રીતે ગમ્ય થાય? એ તો સ્વાનુભવગમ્ય છે.

એક સજ્જન સાકરનો મીઠો સ્વાદ લેતો હોય ત્યાં કોઈ બીજો માણસ જિજ્ઞાસાપૂર્વક એ સાકર ખાનારને જુએ કે તેની પાસેથી સાકરના મીઠા સ્વાદનું વર્ણન સાંભળે તેથી કાંઈ તેના મોઢામાં સાકરનો સ્વાદ આવી જાય નહિ; જાતે સાકરની કટકી લઈને મોઢામાં

મૂકીને ઓગાળે ત્યારે જ તેને સાકરના મીઠા સ્વાદનો અનુભવ થાય છે; તેમ કોઈ સજ્જન એટલે કે સંત ધર્માત્મા–સમ્યગ્દ્રષ્ટિ નિર્વિકલ્પ સ્વાનુભવમાં અતીન્દ્રિય આનંદનો મીઠો સ્વાદ લેતા હોય, ત્યાં બીજા જીવો જિજ્ઞાસાપૂર્વક એ અનુભવી ધર્માત્માને દેખે ને તેમની પાસેથી પ્રેમપૂર્વક એ અનુભવનું વર્ણન સાંભળે તેથી કાંઈ તેને નિર્વિકલ્પ અનુભૂતિનો સ્વાદ આવી જાય નહિ, એ જીવ પોતે શુદ્ધાત્માને લક્ષમાં લઈ એને જ મુખ્ય કરી જ્યારે અંતર્મુખ ઉપયોગવડે સ્વાનુભવ કરે ત્યારે જ તેને શુદ્ધાત્માના નિર્વિકલ્પ અનુભવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ વેદનમાં આવે છે. આવો સ્વાનુભવ થતાં સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે અહા, મારી વસ્તુ મને પ્રાપ્ત થઈ. મારામાં જ રહેલી મારી વસ્તુને હું ભૂલી ગયો હતો તે ધર્માત્મા ગુરુઓના અનુગ્રહથી મને પ્રાપ્ત થઈ. પોતાની વસ્તુ પોતામાં જ છે, એ નિજધ્યાનવડે પ્રાપ્ત થાય છે, બહારના કોઈ રાગાદિ ભાવ વડે તે પ્રાપ્ત થતી નથી એટલે કે અનુભવમાં આવતી નથી. સવિકલ્પદ્વારવડે નિર્વિકલ્પમાં આવ્યો–એમ ઉપચારથી કહેવાય છે. સ્વરૂપના અનુભવનો ઉદ્યમ કરતાં કરતાં પ્રથમ તેના સવિકલ્પવિચારની ધારા ઉપડે છે, તેમાં સૂક્ષ્મ રાગ અને વિકલ્પો હોય છે, પણ તે રાગને કે વિકલ્પને સાધન બનાવીને કાંઇ સ્વાનુભવમાં પહોંચાતું નથી, રાગને અને વિકલ્પોને ઓળંગીને સીધો આત્મસ્વભાવને અવલંબીને તેને જ સાધન બનાવે ત્યારે જ આત્માનો નિર્વિકલ્પસ્વાનુભવ થાય છે; ને ત્યારે જ જીવ કૃતકૃત્ય થાય છે. શાસ્ત્રોએ એનો અપાર મહિમા ગાયો છે.

(સવિકલ્પમાંથી નિર્વિકલ્પઅનુભવ થવાની જે વાત કરી તે સંબંધમાં હવે શાસ્ત્રાધાર આપીને સ્પષ્ટતા કરશે.)

**પં. ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપરના પ્રવચનોમાંથી.**

‘હું જ્ઞાતા છું–એમ જ્ઞાનસન્મુખ થઈને ન પરિણમતાં, રાગાદિનો કર્તા થઈને પરિણમે છે તે જીવ ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા નથી. ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા તો જ્ઞાયકસન્મુખ રહીને રાગાદિને પણ જાણે જ છે. તેને સ્વભાવસન્મુખ પરિણમનમાં શુદ્ધપર્યાય જ થતી જાય છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેને લક્ષમાં લઈને તું વિચાર કે આ તરફ હું જ્ઞાયક છું–મારો સર્વજ્ઞસ્વભાવ છે–તો સામે જ્ઞેયવસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ હોય કે અક્રમબદ્ધ? પોતાના જ્ઞાનસ્વભાવને સામે રાખીને વિચારે તો તો આ ક્રમબદ્ધપર્યાયની વાત સીધીસટ બેસી જાય તેવી છે; પણ જ્ઞાનસ્વભાવને ભૂલીને વિચારે તો એક પણ વસ્તુનો નિર્ણય થાય તેમ નથી.’

# સ્વાનુભવ તરફ ઢળતી વિચારધારા

## સ્વાનુભવ એ જ આરાધનાનો ખરો સમય છે

卐

તત્ત્વના અવલોકનકાળે સમય અર્થાત્ શુદ્ધાત્માને યુક્તિમાર્ગથી અર્થાત્ નય–પ્રમાણ વડે પહેલાં જાણે, ત્યારપછી આરાધનસમયે એટલે કે અનુભવનના કાળે તે નય–પ્રમાણ નથી; કેમકે ત્યાં પ્રત્યક્ષઅનુભવ છે;–જેમ રત્નની ખરીદી વખતે તો અનેક વિકલ્પ કરે છે, પણ તે પ્રત્યક્ષ પહેરીએ ત્યારે વિકલ્પ નથી.–પહેરવાનું સુખ જ છે.–એમ નયચક્રગ્રંથમાં કહ્યું છે.

જુઓ, ચૈતન્યનો અનુભવ સમજાવવા માટે દાખલો પણ રત્નનો આપ્યો. ઉત્તમવસ્તુ સમજાવવા માટે દ્રષ્ટાંત પણ ઉત્તમવસ્તુનું આપ્યું. રત્ન લેવા કોણ નીકળે? કોઈ મામુલી માણસ રત્ન લેવા ન આવે પણ ઉત્તમ–પુણ્યવાન માણસ રત્ન ખરીદવા આવે; એમ અહીં પણ જે ઉત્તમજીવ–આત્માર્થી જીવ ચૈતન્યના અનુભવરૂપ રત્ન લેવા આવ્યો છે તેની વાત છે; એવા જીવને પહેલાં સવિકલ્પ વિચારધારામાં આત્માના સ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન હોય છે. જેમ રત્ન ખરીદનાર ખરીદતી વખતે તે સંબંધી અનેક વિચાર કરે છે, રત્નની જાત કેવી, તેની ઝલક કેવી, તેજ કેવું, વજન કેટલું, આકૃતિ કેવી, રંગ કેવો, કિંમત કેટલી, ડોકમાં પહેરવાથી તે કેવું શોભશે–ઇત્યાદિ અનેક પ્રકારના વિકલ્પોથી ચારેપડખેથી રત્નનું સ્વરૂપ નક્કી કરે છે, અને પછી તે રત્નહારની કિંમત ચૂકવી ખરીદીને જ્યારે ડોકમાં સાક્ષાત્ પહેરે ત્યારે તો હારની પ્રાપ્તિના સંતોષનું સુખજ રહે છે, બીજા વિકલ્પો ત્યાં રહેતા નથી. તેમ ચૈતન્યરત્નની પ્રાપ્તિનો ઉદ્યમી જીવ પહેલાં તો સવિકલ્પ વિચારથી અનેક પ્રકારે પોતાનું સ્વરૂપ ચિંતવે છેઃ મારો સ્વભાવ દ્રવ્યદ્રષ્ટિથી શુદ્ધ સિદ્ધસમાન છે, પર્યાયદ્રષ્ટિથી મારામાં મલિનતા છે; મોક્ષમાર્ગ નિશ્ચયથી શુદ્ધસ્વભાવના જ આશ્રયે છે; રાગને જો મોક્ષનું કારણ માનીએ તો આસ્રવ અને સંવર તત્ત્વો ભિન્ન ન રહે; ઉપયોગને અંતર્મુખ કરવાથી જ શુદ્ધાત્માની અનુભૂતિ થાય ને ત્યારે જ આનંદનું વેદન પ્રગટે.–આમ અનેકપ્રકારે યુક્તિથી, નય–પ્રમાણ વગેરેથી નક્કી કરે. આત્માનું સ્વરૂપ કેવું? તેની શક્તિઓ કેવી? તેનું કાર્ય કેવું? તેના પ્રદેશો કેવા? તેના ભાવો કેવા? સ્વભાવભાવો કયા? વિકારી ભાવો ક્યા? ઉપાદેયરૂપ શુદ્ધસ્વરૂપ કેવું? તેના અનુભવનું સુખ કેવું? તેનો પ્રયત્ન કેવો?–એમ અનેક પ્રકારથી વિચારીને નક્કી કરતી વખતે સાથે વિકલ્પ હોય છે; પણ પછી, બધાય પડખેથી સ્વરૂપ બરાબર નક્કી કરીને, તેનો ઉત્કૃષ્ટ મહિમા લાવીને પ્રયત્નપૂર્વક જ્યારે ઉપયોગને અંતર્મુખ કરીને આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરે છે ત્યારે તો

એ અનુભવના આનંદનું જ વેદન રહે છે. ઉપરના વિકલ્પો ત્યાં હોતા નથી.–આ રીતે સમ્યગ્દ્રષ્ટિને નિર્વિકલ્પ અનુભવ થાય છે. આવો અનુભવ કરવો એ જ આરાધનાનો ખરો સમય છે; આવો અનુભવ એ જ સાચી આરાધના છે. પહેલાં વિચારદશામાં વિકલ્પ હતો તેથી સવિકલ્પદ્વારા આ અનુભવ થયો–એમ કહ્યું, પરંતુ ખરેખર કાંઈ વિકલ્પદ્વારા અનુભવ થયો નથી, વિકલ્પ તૂટયો ત્યારે સાક્ષાત્ અનુભવ થયો છે ને એ અનુભવને 'પ્રત્યક્ષ' કહ્યો છે. –'पच्चक्खो अणुहवो जह्मा' (પ્રવચનસાર ગાથા ૮૦ માં પણ મોહક્ષયનો ઉપાય દર્શાવતાં આવી જ શૈલિનું વર્ણન કર્યું છે; ત્યાં પ્રથમ અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયની ઓળખાણ દ્વારા પોતાનું સ્વરૂપ વિચારી, પછી સાક્ષાત્ અનુભવ કરે છે–તે બતાવ્યું છે.)

'વિચારમાં તો વિકલ્પ થાય છે' એમ સમજી કોઈ જીવ વિચારધારા જ ન ઉપાડે, તો કહે છે કે ભાઈ! વિચારમાં કાંઈ એકલા વિકલ્પ જ નથી; વિચારમાં ભેગું જ્ઞાન પણ તત્ત્વનિર્ણયનું કામ કરે છે. એમાં જ્ઞાનની મુખ્યતા કર ને વિકલ્પને ગૌણ કર. આમ સ્વરૂપનો અભ્યાસ કરતાં કરતાં જ્ઞાનનું બળ વધતાં વિકલ્પ તૂટી જશે ને જ્ઞાન રહી જશે, એટલે કે વિકલ્પથી છૂટું જ્ઞાન અંતરમાં વળીને સ્વાનુભવ કરશે. પણ જે જીવ તત્ત્વનું અન્વેષણ જ કરતો નથી, આત્માની વિચારધારા જ જે ઉપાડતો નથી તેને તો નિર્વિકલ્પ સ્વાનુભવ ક્યાંથી થશે? માટે જે જિજ્ઞાસુ થઈને સ્વાનુભવ કરવા માંગે છે, તે યથાર્થ તત્ત્વોનું અન્વેષણ કરીને તત્ત્વનિર્ણય કરે છે ને સ્વભાવ તરફની વિચારધારા ઉપાડે છે, તે જીવ પોતાનું કાર્ય અધૂરૂં મુકશે નહીં; તે પુરુષાર્થવડે વિકલ્પ તોડીને, સ્વરૂપમાં ઉપયોગ જોડીને નિર્વિકલ્પ સ્વાનુભવ કરશે જ. સ્વભાવના લક્ષે ઉદ્યમ ઉપાડયો તે વિકલ્પમાં અટકશે નહિ, વિકલ્પમાં સંતોષ પામશે નહિ; એ તો સ્વાનુભવથી કૃતકૃત્યદશા પ્રગટ કર્યે જ છૂટકો. માટે કહ્યું છે કે 'કર વિચાર તો પામ.'

❖ **સ્વાનુભવનું વર્ણન આવતા અંકે**

## સુ. . . . .ખી

અહો! આત્મા આનંદસ્વભાવથી ભરેલો છે, આવા આત્માની સામે જુએ તો દુઃખ છે જ ક્યાં? આત્માના આશ્રયે ધર્માત્મા નિઃશંક સુખી છે કે ભલે દેહનું ગમે તેમ થાઓ કે બ્રહ્માંડ આખું ગડગડી જાઓ, તોપણ તેનું દુઃખ મને નથી, મારી શાંતિ–મારો આનંદ મારા આત્માના જ આશ્રયે છે. હું મારા આનંદસમુદ્રમાં ડુબકી મારીને લીન થયો ત્યાં મારી શાંતિમાં વિઘ્ન કરનાર જગતમાં કોઈ નથી. આ રીતે ધર્માત્મા આત્માના આશ્રયે સુખી છે.

(–સુખશક્તિના પ્રવચનમાંથી)

# ત....ત્ત્વ...ચ...ર્ચા

( ૩ )

( તત્ત્વરસિક જિજ્ઞાસુઓને પ્રિય, આત્મધર્મનો ચાલુ વિભાગ )

## વિચાર તે મિથ્યાત્વ નથી

( ૩૦ ) પ્રશ્નઃ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદના વિચારમાં પણ મિથ્યાત્વ છે–તે કઈ રીતે ?

ઉત્તરઃ– ભેદના વિચાર તે કાંઈ મિથ્યાત્વ નથી. એવા ભેદવિચાર તો સમ્યગ્દ્રષ્ટિનેય હોય; પણ તે ભેદવિચારમાં જે રાગરૂપ વિકલ્પ છે તેને લાભનું કારણ માનીને તેમાં એકત્વબુદ્ધિથી જે જીવ અટકે તેને મિથ્યાત્વ જાણવું, એકત્વબુદ્ધિ વગરના ભેદવિકલ્પ તે મિથ્યાત્વ નથી, તે અસ્થિરતાનો રાગ છે.

卐

## સમ્યક્ત્વનો માર્ગ

( ૩૧ ) પ્રશ્નઃ– ગુણભેદના વિચારથી પણ મિથ્યાત્વ ન ટળે, તો મિથ્યાત્વને ટાળવું કેમ ?

ઉત્તરઃ– શુદ્ધઆત્મવસ્તુ કે જેમાં રાગ કે મિથ્યાત્વ છે જ નહિ–તે શુદ્ધવસ્તુમાં પરિણામ તન્મય થતાં મિથ્યાત્વ ટળે છે; બીજા કોઈ ઉપાયથી મિથ્યાત્વ ટળે નહિ. ભાઈ, ગુણભેદનો વિકલ્પ પણ શુદ્ધવસ્તુમાં ક્યાં છે ?–નથી; તો તે શુદ્ધવસ્તુની પ્રતીત ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. વસ્તુમાં વિકલ્પ નથી. ને વિકલ્પમાં વસ્તુ નથી; એમ બંનેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પમાંથી ખસીને ( છૂટી પડીને ) સ્વભાવમાં આવે ત્યાં મિથ્યાત્વ ટળી જાય છે.–આ મિથ્યાત્વ ટાળવાની રીત છે; એટલે કે ‘ઉપયોગ’ અને રાગાદિનું ભેદજ્ઞાન તે સમ્યક્ત્વનો માર્ગ છે. તે માટે, વિકલ્પ કરતાં ચિદાનંદ સ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ.

卐

## આહારકશરીર

( ૩૨ ) પ્રશ્નઃ– જે મુનિ આહારકશરીર બાંધે તેને તે ઉદયમાં આવે જ–એવો નિયમ છે ?

ઉત્તરઃ– ના; કોઈ મુનિ આહારકશરીર–નામકર્મ બાંધે પણ તેના ઉદયનો એટલે કે આહારક શરીરની રચનાનો પ્રસંગ કદી ન આવે, વચ્ચેથી જ તે પ્રકૃતિનો છેદ કરીને મોક્ષ પામી જાય, પરંતુ તીર્થંકરનામકર્મમાં એવું ન બને, તીર્થંકરનામકર્મ તો જેને બંધાય તે જીવને નિયમથી તે ઉદયમાં આવે જ.

આહારકશરીર–પ્રકૃતિ સાતમા કે આઠમા ગુણસ્થાને બંધાય છે ને છઠ્ઠા ગુણસ્થાને ઉદયમાં આવે છે. કોઈ જીવ ક્ષપકશ્રેણી વખતે આહારકશરીર બાંધે ને સીધો કેવળજ્ઞાન પામે, છઠ્ઠેસ્થાને પાછો આવે જ નહિ એટલે તેને આહારકશરીરની રચનાનો પ્રસંગ ન આવે. છઠ્ઠા ગુણસ્થાને આહારકશરીરની રચનાવાળા મુનિવરો એક સાથે વધુમાં વધુ ( ૫૪ ) ચોપન હોય છે.

卐

નવતત્ત્વ અને શુદ્ધઆત્મા

( ૩૩ ) પ્રશ્નઃ– નવતત્ત્વોને જાણવા તે સમ્યગ્દર્શન છે, કે શુદ્ધ જીવને જાણવો તે સમ્યગ્દર્શન છે ?

ઉત્તરઃ– નવતત્ત્વોને યથાર્થપણે જાણતાં તેમાં શુદ્ધજીવનું જ્ઞાન પણ ભેગું આવી જ જાય છે; ને શુદ્ધ જીવને જાણે તો તેને નવતત્ત્વનું પણ યથાર્થ જ્ઞાન જરૂર હોય છે.–આ રીતે, નવતત્ત્વનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો કે શુદ્ધ જીવનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો,–તે બંને એક જ છે. ( જ્ઞાન કહેતાં તે જ્ઞાનપૂર્વકની પ્રતીત, તેને સમ્યગ્દર્શન સમજવું. )

આમાં એક વિશેષતા એ છે કે, સમ્યક્ત્વ પ્રગટવાની અનુભૂતિના કાળે નવતત્ત્વો ઉપર લક્ષ નથી હોતું, ત્યાં તો શુદ્ધ જીવ ઉપર જ ઉપયોગની મીટ હોય છે; ને ‘આ હું’ એવી જે નિર્વિકલ્પપ્રતીત છે તેના ધ્યેયભૂત એકલો શુદ્ધઆત્મા જ છે.

## અનુભૂતિમાં મનનો સંબંધ નથી

( ૩૪ ) પ્રશ્નઃ– નિર્વિકલ્પ અનુભૂતિમાં મનનો સંબંધ છૂટી ગયો છે એ વાત કેટલા ટકા સાચી ?

ઉત્તરઃ– સોએ સો ટકા સાચી; ત્યાં નિર્વિકલ્પતારૂપ જે પરિણમન છે તેમાં તો મનનું અવલંબન જરા પણ નથી, તેમાં તો મનનો સંબંધ તદ્દન છૂટી ગયો છે; પણ તે વખતે અબુદ્ધિપૂર્વક જે રાગપરિણમન બાકી છે તેમાં મનનો સંબંધ છે.

## સમ્યગ્દર્શનની વિધિ

( ૩૫ ) પ્રશ્નઃ– નયપક્ષથી અતિક્રાન્ત, જ્ઞાનસ્વભાવનો અનુભવ કરીને તેની પ્રતીત તે સમ્ય–

ગ્દર્શન છે–એમ સમ્યગ્દર્શનની વિધિ તો આપે સમજાવી, પણ હવે તે વિધિને અમલમાં કેમ મુકવી ?–વિકલ્પમાંથી ગૂલાંટ મારીને નિર્વિકલ્પ કેવી રીતે થવું–તે સમજાવો.

ઉત્તરઃ– વિધિ યથાર્થ સમજાય તો પરિણતિ ગૂલાંટ માર્યા વગર રહે નહિ. વિકલ્પજાત અને સ્વભાવજાત બંનેને ભિન્ન જાણતાંવેંત જ પરિણતિ વિકલ્પમાંથી છૂટી પડીને સ્વભાવ સાથે તન્મય થાય છે. વિધિને સમ્યક્પણે જાણવાનો કાળ, ને પરિણતિનો ગૂલાંટ મારવાનો કાળ,–બંને એક જ છે. વિધિ જાણે પછી એને શીખવવું ન પડે કે તું આમ કર. જે વિધિ જાણી તે વિધિથી જ્ઞાન અંતરમાં ઢળે છે. સમ્યક્ત્વની વિધિને જાણનારું જ્ઞાન પોતે કાંઈ રાગમાં તન્મય નથી, સ્વભાવમાં તન્મય છે,–અને એવું જ્ઞાન જ સાચી વિધિને જાણે છે. રાગમાં તન્મય રહેલું જ્ઞાન સમ્યક્ત્વની સાચી વિધિને જાણતું નથી.

卐

## દેવલોકના દેવો

( ૩૬ ) પ્રશ્નઃ– સર્વાર્થસિદ્ધિમાં કેટલા દેવો છે ?

ઉત્તરઃ– સર્વાર્થસિદ્ધિવિમાન જંબુદ્વીપ જેવડું એક લાખ યોજન વિસ્તારવાળું છે; તેમાં સંખ્યાતા દેવો છે. તે બધાય દેવો નિયમથી સમ્યગ્દ્રષ્ટિ અને એકાવતારી છે. એ સિવાય નવગ્રૈવેયક ઉપર નવઅનુદિશ તથા અપરાજિત વગેરે બીજા ચાર અનુત્તર વિમાનો છે. તેમાં અસંખ્યાત દેવો છે ને તેઓ પણ બધાય નિયમથી સમ્યગ્દ્રષ્ટિ જ હોય છે; મિથ્યાદ્રષ્ટિનો ત્યાં અભાવ છે. બારમાસ્વર્ગથી ઉપર, આનત–પ્રાનત સ્વર્ગથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીમાં જે અસંખ્ય દેવો છે તેમાં સમ્યગ્દ્રષ્ટિ ઝાઝા છે ને મિથ્યાદ્રષ્ટિ થોડા છે.

卐

## આત્મદ્રવ્યની અચિંત્ય તાકાત

પ્રશ્નઃ– સંખ્યા અપેક્ષાએ મોટામાં મોટું અનંત કોણ ?

ઉત્તરઃ– કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદ સૌથી મહાન અનંત છે. અલોકાકાશના પ્રદેશ વગેરે બીજા અનંત કરતાં તે અનંતગણું–એમ કહીને પણ તેનું માપ આપી શકાતું નથી. આત્મદ્રવ્યની આ કોઈ અચિંત્ય તાકાત છે. જેમ વિકલ્પથી તેની તાકાતનો પાર નથી પમાતો તેમ ગણીતથી પણ તેની તાકાતનો પાર નથી પમાતો.

卐

## ધર્મનો મર્મ

( ૩૮ ) પ્રશ્નઃ– ધર્મનો મર્મ શું છે ?

ઉત્તરઃ– આત્મા પોતાના સ્વભાવસામર્થ્યથી પૂર્ણ છે ને પરથી અત્યંત જુદો છે એમ સ્વ–પરની ભિન્નતાને જાણીને સ્વદ્રવ્યના અનુભવથી આત્મા શુદ્ધતાને પામે તે ધર્મનો મર્મ છે.

卐

મોક્ષ

(૩૯) પ્રશ્નઃ– મોક્ષ એટલે શું?

ઉત્તરઃ– પોતાના સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિ વડે (એટલે કે પ્રગટતા વડે) દુઃખ અને દુઃખનાં કારણોથી આત્મા અત્યંતપણે મુક્ત થાય–તેનું નામ મોક્ષ. સ્વભાવની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. ('મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ')

卐

## અનુભવ કોનો

(૪૦) પ્રશ્નઃ– અનુભવ દ્રવ્યનો છે કે પર્યાયનો?

ઉત્તરઃ– 'અનુભવ'માં એકલું દ્રવ્ય કે એકલી પર્યાય નથી, પણ સ્વસન્મુખ વળીને પર્યાય દ્રવ્ય સાથે તદ્રૂપ થઈ છે, ને દ્રવ્ય–પર્યાય વચ્ચે ભેદ નથી રહ્યો,–આવી જે બંનેની અભેદઅનુભૂતિ–તે અનુભવ છે. દ્રવ્ય–પર્યાય વચ્ચે ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થાય નહીં.

**(વિવિધ વચનામૃતઃ અનુસંધાન પાના ૨૫નું ચાલુ)**

(૧૭૦) ચૈતન્યનગરને વસાવ

હે જીવ, તારા આત્માના અસંખ્ય પ્રદેશરૂપી ચૈતન્યનગરને રત્નત્રયરૂપી પ્રજાવડે વસાવ. અનાદિથી તારું ચૈતન્યક્ષેત્ર નિર્મળ પરિણતિ વગરનું ઉજ્જડ બની રહ્યું છે, ને તેમાં રાગ–દ્વેષ–મોહ–વિષય–કષાય ઊગી નીકળ્યા છે; હવે સ્વસંવેદન વડે તે રાગાદિ પરભાવોને ઉખેડીને તેનાથી ઉજ્જડ બનાવ, અને સ્વાનુભવરૂપી જળ–સીંચન વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ ભાવોને તારા આત્મામાં વસાવ. અનાદિથી જે પરભાવ વસ્યા છે તેને તો ઉખેડીને ઉજ્જડ કરી નાંખ, અને અનાદિથી રત્નત્રય વગરની ઉજ્જડ એવી તારી ચૈતન્યનગરીમાં હવે રત્નત્રયની નિર્મળ પ્રજાને વસાવ. જેમ ઉજ્જડ નગરી શોભતી નથી તેમ રત્નત્રય વગરનો ઉજ્જડ આત્મા શોભતો નથી. માટે સ્વાનુભૂતિ વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–આનંદ વગેરેની વસતીથી તારા આત્માને ભરી દે.

# વિ...વિ...ધ વ...ચ...ના...મૃ...ત

( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક ૧૧ )

## ( ૧૬૨ ) તું જિનવર સ્વામી મેરા, મૈં સેવક હૂં તેરા

જિનવર સ્વામી એ કોના સ્વામી છે?

જે એનો સેવક છે તેના તે સ્વામી છે.

જિનવરદેવનો સેવક કોણ છે?

જે જીવ રાગને સેવે છે તે વીતરાગજિનદેવનો સેવક નથી; વીતરાગ જિનદેવનો સેવક તો રાગની સેવા છોડીને વીતરાગદેવ જેવા પોતાના ચિદાનંદસ્વભાવને શ્રદ્ધામાં–જ્ઞાનમાં લઈને સેવે છે. જિનવરદેવનો સાચો સેવક થવા માટે સ્વાશ્રયે તેમના જેવો ભાવ પ્રગટ કરવો જોઈએ. આવા સમ્યક્ભાવથી જીવે પૂર્વે કદી જિનવરદેવને ઉપાસ્યા નથી; તેથી કહ્યું કે જીવને અનાદિકાળથી સમ્યક્ત્વ અને જિનવરસ્વામી મળ્યા નથી. એકવાર પણ આવા સમ્યક્ભાવથી જિનવરદેવને જે ઉપાસે તેને ભવભ્રમણનો અંત આવી જાય, ને તે પોતે જિનવર થાય.

## ( ૧૬૩ ) જ્ઞાનનો રસિયો થા તેનું શરણ લે

હે ભાઈ, આ ભવદુઃખથી છૂટવા તું જ્ઞાનનો રસિયો થા, ને રાગનો રસ છોડ. શરણ તો જ્ઞાનમાં છે. જ્ઞાનથી બહાર કોઈ બીજું તને શરણ નથી. રાગ મને તારશે એમ માનીશ તો તું વીતરાગનો દાસ નથી. વીતરાગનો દાસ રાગથી ધર્મ માને નહિ, રાગનો આદર કરે નહિ, રાગનું શરણ માને નહિ.

## ( ૧૬૪ ) ભગવાનનો ભક્ત થવાની રીત

તું તારા જ્ઞાનસ્વભાવનો સ્વામી થા તો જિનદેવ તારા સ્વામી થાય. જો તું રાગનો સ્વામી થઈશ તો જિનદેવ તારા સ્વામી નહિ થાય, એટલે કે તું જિનદેવનો ખરો ભક્ત નહિ થઈ શકે. ભગવાન કહે છે કે મારો ભક્ત રાગનો સ્વામી થાય નહિ, મારો ભક્ત તો વીતરાગસ્વભાવને જ આદરે. તારા હૃદયમાં તારે ભગવાનને બેસાડવા હોય તો રાગને હૃદયમાંથી કાઢી નાંખ. જેના હૃદયમાં રાગ વસે તેના મલિન હૃદયમાં ભગવાન વસતા નથી, તે ભગવાનનો સાચો ભક્ત નથી.

## ( ૧૬૫ ) તારું સાચું ઘર

રે જીવ! જે ઘરવાસ પાપનું સ્થાન છે તેને તું તારો વાસ ન જાણ..એ તો ભવબંધનમાં બાંધવાનો યમનો ફાંસલો છે. એને તારું ઘર ન જાણ..તારું સ્વઘર ચૈતન્યધામમાં છે એમ તું જાણ...ને એ સ્વઘરમાં જઈને રહે. અનુભૂતિ વડે સ્વઘરમાં પ્રવેશ કર. એ જ તારું સાચું ઘર છે.

## ( ૧૬૬ ) સ્વભાવની પ્રાપ્તિનું સાધન

ભાઈ, તારા સ્વભાવની પ્રાપ્તિ માટે તને તારા શ્રુતજ્ઞાનની પર્યાય એ એક જ સાધન બસ છે, બીજા કોઈ બહારના સાધનની પરાધીનતા નથી. તારી શ્રુતપરિણતિને અંતરમાં

વાળતાં તને સ્વાનુભૂતિમાં તારા સ્વભાવની પ્રાપ્તિ થાય છે. આ રીતે તારા સ્વભાવની પ્રાપ્તિનું સાધન તારાથી અભિન્ન, તારામાં જ છે. શ્રુતપરિણતિને અંતરમાં વાળીને દ્રવ્ય સાથે એકતા–તન્મયતા કરતાં ક્ષણેક્ષણે–સમયે સમયે નવી નવી અપૂર્વ શાન્તિ ને અપૂર્વ આનંદ અનુભવમાં આવે છે.

## ( ૧૬૭ ) પરિણામની વિચિત્રતા

રાવણે સીતાજીનું હરણ કર્યું, લક્ષ્મણ દ્વારા રાવણનો વધ થયો; સીતાજી સ્વર્ગમાં ૨૨ સાગરની સ્થિતિએ ઉપજ્યા, રાવણ ને લક્ષ્મણ નીચેની ત્રીજી પૃથ્વીમાં ૭ સાગરની સ્થિતિએ ઉપજ્યા; ત્યાંથી નીકળીને તે બંને ભાઈ થશે ને બીજા ૧૫ સાગર સુધી અનેક ભવ કરશે; ૨૨ સાગર પછી સીતાજીનો આત્મા જ્યારે ચક્રવર્તી થશે ત્યારે રાવણ અને લક્ષ્મણ એ બંને જીવો તેના પુત્રો થશે. કયાં રાવણ ને ક્યાં સીતા,–એ જ પિતા–પુત્ર થશે; ક્યાં લક્ષ્મણ ને રાવણ–એકબીજાના પ્રતિસ્પર્ધી, ને ક્યાં બંને એકબીજાના ભાઈ! પછી રાવણનો આત્મા તો અનુક્રમે કેટલાક ભવે તીર્થંકર થશે ને સીતાનો જીવ તેના ગણધર થશે. લક્ષ્મણનો જીવ પણ અનુક્રમે પુષ્કરદ્વીપના વિદેહક્ષેત્રમાં તીર્થંકર થશે. જુઓ, જીવના પરિણામની વિચિત્રતા!

## ( ૧૬૮ ) આત્માનું અસ્તિત્વ

**પ્રશ્નઃ**- આત્મા છે તો તે આંખથી દેખાતો કેમ નથી?

ઉત્તરઃ– ભાઈ, આંખથી દેખાય તેનું જ અસ્તિત્વ માનવું–એ સિદ્ધાન્ત બરાબર નથી. આત્મા વગેરે વસ્તુઓ એવી છે કે જેનું અસ્તિત્વ આંખથી ન દેખાય પણ જ્ઞાનથી જણાય. આત્માને અતીન્દ્રિય સ્વસન્મુખ જ્ઞાનથી જ અનુભવી શકાય છે. વળી પદાર્થોનું જે જ્ઞાન થાય છે તે ઉપરથી આત્માનું અસ્તિત્વ નક્કી થાય છે; આત્મા ન હોય તો જ્ઞાન ક્યાંથી થાય?

કોઈ શંકા કરે કે 'આત્મા નથી,' તો કહે છે કે હે ભાઈ! 'આત્મા નથી' એવી શંકા આત્મા વિના કોણે કરી? એ શંકા કરનાર કોણ છે? એ શંકા કરનાર જે તત્ત્વ છે તે આત્મા જ છે, શંકા કાંઈ જડ તત્ત્વમાં નથી જાગતી. આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે એટલે જન્મ–મરણ જેટલો જ તે નથી.

## ( ૧૬૯ ) ધર્મીનો અનુભવ

આત્મા નિજસ્વરૂપમાં પ્રવેશીને એકાગ્ર થયો ત્યાં રાગ જુદો રહી ગયો,–એનું નામ ભેદજ્ઞાન; રાગથી ભિન્ન શુદ્ધાત્માનો આવો અનુભવ એકવાર થયો પછી ધર્મીને કદી રાગમાં એકત્વબુદ્ધિ થતી નથી. રાગ વખતેય રાગથી ભિન્ન શુદ્ધાત્માને જ તે સ્વપણે અનુભવે છે; રાગને નિજસ્વભાવપણે એકક્ષણ પણ અનુભવતા નથી. ધર્મીનો અનુભવ તે મોક્ષનો માર્ગ છે.

( અનુસંધાન ૨૩મા પાના ઉપર )

# આત્મા શું છે ને તે શું કરે છે?

**( સમયસાર કલશ ૬૨ ઉપરના પ્રવચનમાંથી )**

જે વસ્તુનું જે ભાવમાં અસ્તિત્વ હોય તે ભાવમાં જ તેનું કાર્ય હોય; વસ્તુનું કાર્ય પોતાના નિજભાવથી બહાર ન હોય. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનભાવમાં તેનું અસ્તિત્વ છે એટલે જ્ઞાનભાવમાં જ તેનું કાર્ય છે. જ્ઞાનથી બહાર તેનું કાંઈ કાર્ય નથી. જ્ઞાનભાવમાં જ પોતાની સત્તા જાણતો ધર્મી જીવ કહે છે કે અમને અમારા ચૈતન્યનો ઉત્સાહ છે, પરભાવનો ઉત્સાહ નથી. ચૈતન્યનો પ્રેમ કદી છૂટવાનો નથી ને રાગનો પ્રેમ કદી થવાનો નથી. કોઈ પરભાવ આવીને અમારા ચૈતન્યના ઉત્સાહનો રંગ લઈ જાય એમ કદી બનવાનું નથી.–આ રીતે જ્ઞાનસ્વભાવના કાર્યને કરતો ધર્મી જીવ મોક્ષને સાધે છે.

卐

આ ચૈતન્યતત્ત્વ શું ચીજ છે ને તે શું કાર્ય કરી શકે છે તે વાત અનાદિથી અજ્ઞાની જીવે જાણી નથી. શાસ્ત્રો કહે કે–

**જડભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ;**
**કોઈ કોઈ પલટે નહિ છોડી આપસ્વભાવ.**

આત્મા જડથી ભિન્ન તત્ત્વ છે, તે ત્રણેકાળે જડથી ભિન્ન જ રહે છે. આત્મા પોતાના ચેતનભાવને છોડીને કદી જડ ન થાય, ને જડ પદાર્થ તેની જડતાને છોડીને કદી ચેતન ન થાય. બંને પદાર્થો સદાય ભિન્નભિન્ન પોતાના સ્વભાવમાં જ રહેલાં છે. આવું ભિન્ન વસ્તુસ્વરૂપનું ભાન કરવું તે ધર્મની પહેલી રીત છે.

ભિન્નપણું સમજે તો પોતે કોણ છે ને પોતાનું કાર્ય શું છે–તે સમજે, અને પરનાં કાર્યોની કર્તૃત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ ટળે; પરિણતિ સ્વ તરફ વળે ને સ્વાશ્રયે નિર્મળપરિણતિ પ્રગટે–એનું નામ ધર્મ છે.

આત્મા શું છે ને તેનું કાર્ય શું છે? તે વાત અહીં આચાર્યદેવ બતાવે છે. આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. પોતે જ્ઞાનસ્વરૂપ છે, તે જ્ઞાનથી ભિન્ન બીજું શું કરે? જ્ઞાન–

સ્વરૂપ આત્મા તો પોતાના જ્ઞાનભાવોને જ કરે, પણ જ્ઞાનથી ભિન્ન બીજા પદાર્થોમાં આત્મા કાંઈ કરે નહિ. પાઠશાળાના બાળકોને પણ પહેલેથી આ શ્લોક શિખવાય છે કે–

**આત્મા જ્ઞાનં સ્વયં જ્ઞાનં, જ્ઞાનાત્ અન્યત્ કરોતિ કિમ્।**
**પરભાવસ્ય કર્તાત્મા, મોહોયં વ્યવહારિણામ્।।૬૨।।**

ચેતનપરિણામી આત્મવસ્તુ તે પોતાના ચેતનપરિણામને જ કરે છે, અને ખરેખર તો સ્વસન્મુખ રહીને જ્ઞાનભાવે પરિણમવું તે જ આત્માનું સ્વરૂપ છે. રાગાદિ ભાવરૂપે પરિણમવું તે પણ જ્ઞાનનું સ્વરૂપ નથી, તોપછી ભિન્ન એવા પરદ્રવ્યોમાં આત્મા શું કરે? ‘હું કરું’ એવી માત્ર કલ્પના કરે છે, તે તો અજ્ઞાનીનો મોહ છે; તે કલ્પના વડે પણ કાંઈ પરદ્રવ્યનાં કામ તો આત્મા કરી શકતો નથી.

ભાઈ, જડ શરીરમાં તારું અસ્તિત્વ જ નથી, તો તેના કાર્યમાં તું શું કર? જડના કાર્ય જો તું કર તો તો તારું અસ્તિત્વ જડરૂપ થઈ જાય, તું જ્ઞાનસ્વરૂપ ન રહે. કેમકે જે કાર્યનો જે કર્તા હોય તે કાર્યમાં તેનું અસ્તિત્વ હોય. જડના કાર્યનો કર્તા જો આત્મા હોય તો આત્માનું અસ્તિત્વ તે જડમાં ચાલ્યું જાય.–પણ એમ તો ત્રણકાળમાં નથી બનતું, કેમકે–

**જડ તે જડ ત્રણકાળમાં, ચેતન ચેતન હોય.**

જડ કે ચેતન પદાર્થ ત્રણેકાળ પોતપોતાના સ્વરૂપે જ રહે છે. આવી ભિન્ન વસ્તુસ્થિતિ છે, છતાં અજ્ઞાની એમ માને છે કે હું પરનો કર્તા છું. તેની એ માન્યતા મિથ્યાત્વ જ છે. અજ્ઞાની જીવ પણ પોતાના રાગાદિ અજ્ઞાનભાવોને કરે છે, પણ પરનાં કામ તો તે કરતો નથી.

દરેક પદાર્થ સત્ છે, ને તે સત્ની મર્યાદા પોતપોતાના સ્વકાર્યમાં છે; પોતાની મર્યાદા છોડીને પરના કાર્યમાં કોઈ વસ્તુ કાંઈ કરી શકતી નથી. આત્મા અનંત શક્તિના ગંભીર સ્વભાવથી પરિપૂર્ણ છે. પણ તે શક્તિઓનું કાર્ય પોતામાં જ સમાય છે; એક્કેય એવી શક્તિ નથી કે પરમાં કામ કરે. ભાઈ, આવું પરથી ભિન્નપણું હોવાથી પરમાં તારું અત્યંત અકર્તાપણું છે, ત્યાં પરના કર્તૃત્વનો આ મોહ શો? પરમાં અત્યંત અકર્તાપણું સમજે તો પરિણતિને અંતરમાં સ્વ તરફ લાવવાનો અવકાશ રહે. પણ પરના કર્તૃત્વની મિથ્યાબુદ્ધિમાં જ જેની પરિણતિ મશગુલ છે તે સ્વ તરફ ક્યારે વળે? ને આત્માનો અનુભવ ક્યારે કરે?

( આ લેખનો બાકીનો ભાગ આવતા અંકે )

# પરિચય

પરમ વીતરાગી જૈનધર્મના અનાદિનિધન પ્રવાહમાં તીર્થંકરો અને સંતોએ આત્મહિતના હેતુભૂત અધ્યાત્મવાણીનો પ્રવાહ વહેવડાવ્યો છે, તીર્થંકરો અને સંતોનો એ અધ્યાત્મસન્દેશ ઝીલીને અનેક જીવો પાવન થાય છે. ગૃહસ્થ-શ્રાવકધર્માત્માઓએ પણ એ અધ્યાત્મરસના પુનિત પ્રવાહને પોતાની અધ્યાત્મરસિકતા વડે વહેતો રાખ્યો છે.....એ અધ્યાત્મરસના પાનથી, સંસારના સંતપ્ત જીવો પરમ તૃપ્તિ અનુભવે છે.

તીર્થંકરો અને મુનિઓની તો શી વાત !–તેઓનું તો જીવન સ્વાનુભવવડે અધ્યાત્મ-રસથી ઓતપ્રોત બનેલું છે; તે ઉપરાંત જૈનશાસનમાં અનેક ધર્માત્મા-શ્રાવકો પણ એવા પાકયા છે કે જેમનું અધ્યાત્મજીવન અને અધ્યાત્મવાણી અનેક જિજ્ઞાસુઓને અધ્યાત્મની પ્રેરણા જગાડે છે. તેમાંથી અધ્યાત્મરસિક વિદ્વાન શ્રાવકો પં. શ્રી ટોડરમલ્લજી અને પં. શ્રી બનારસીદાસજી, એ બંનેનો ટૂંક જીવનપરિચય અહીં આપવામાં આવે છે. એ બંનેએ લખેલી અધ્યાત્મવચનીકા ( ચિઠ્ઠી ) ઉપર પૂ. ગુરુદેવે અધ્યાત્મરસભરેલાં પ્રવચનો કર્યાં છે. જગતના બધા રસો કરતાં અધ્યાત્મરસ એ કેટલો સર્વોત્કૃષ્ટ છે ને તેનો સ્વાદ કેટલો રસભરપૂર ( સ-રસ ) છે, તે જિજ્ઞાસુઓને એ પ્રવચનોમાં દેખાશે. તેમાં સમ્યક્ત્વસંબંધી અને નિર્વિકલ્પ સ્વાનુભવસંબંધી જે આત્મસ્પર્શી ચર્ચાઓ ભરી છે તે સમ્યકત્વપિપાસુ જીવોને ખરેખર અત્યંત આહ્લાદકારી છે. સ્વાનુભવના ને સમ્યક્ત્વના કોઈ અદ્ભુત-અચિંત્ય મહિમાનું ઝરણું ગુરુદેવે એ પ્રવચનોમાં વહેવડાવ્યું છે, ને તેના દ્વારા સ્વાનુભવી સંતોની પરિણતિનું સાક્ષાત્ દર્શન કરાવ્યું છે.

પં. શ્રી ટોડરમલ્લજીએ સાધર્મીઓ ઉપર જે પત્ર લખ્યો છે તેમાં અધ્યાત્મચર્ચાનો પ્રેમ તથા સાધર્મી પ્રત્યેનો પ્રેમ દેખાઈ આવે છે. અધ્યાત્મરસિક જીવો તે વખતે પણ બહુ જ થોડા હતા; જેઓ હતા તેમને પણ એકબીજાનો સંપર્ક ને સમાગમ બહુ જ મુશ્કેલીથી બની શકતો, કેમકે તે જમાનામાં આજના જેવી વાહનવ્યવહારની સુવિધા ન હતી. ૨૦૦ વર્ષ પહેલાં એ પત્ર લખાયો ત્યારે ટપાલની પણ સગવડ ન હતી; ખેપિઆ મારફત એકાદ મહિને માંડ પત્રોત્તર બની શકતો. આવી પરિસ્થિતિમાં લાંબે ગાળે જ્યારે ખેપિયો અધ્યાત્મરસિક સાધર્મીનો પત્ર લઈને આવતો હશે ત્યારે તે પત્ર હાથમાં આવતાં જ જિજ્ઞાસુઓ

કેવા આનંદિત થતા હશે! સાધર્મીનો પત્ર પ્રાપ્ત થતાં પંડિતજી લખે છે કે “ભાઈશ્રી, આવા પ્રશ્ન તમારા જેવા જ લખે. આ વર્તમાનકાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે. ધન્ય છે તેમને જેઓ સ્વાનુભવની વાર્તા પણ કરે છે.”

અહા, સ્વાનુભવની ચર્ચા કરે તેને પણ ધન્ય કહ્યા, તો જેઓ સ્વાનુભવરૂપે સાક્ષાત્ પરિણમ્યા છે–સ્વયં અધ્યાત્મરૂપ બન્યા છે–એવા સંતના મહિમાની શી વાત? અને એવા સંતોનો સાક્ષાત્ સત્સમાગમ તથા તેમના ચરણની સાક્ષાત્ ઉપાસના, ને તેમની વાણીનું સાક્ષાત્ શ્રવણ આપણને મળ્યું,–તે કેવા ધન્ય ભાગ્ય?

પં. શ્રી ટોડમલ્લજી પત્રમાં છેલ્લે લખે છે કે ‘જ્યાં સુધી મળવું થાય નહિ ત્યાંસુધી પત્ર તો શીઘ્ર જ લખ્યા કરો. સાધર્મીને તો પરસ્પર ચર્ચા જ જોઈએ.’ આ ઉપરથી સાધર્મીનો સમાગમ કેટલો દુર્લભ હતો ને તેના પત્રની કેટલી ધગશ રહેતી તેનો ખ્યાલ આવે છે.

તે વખતે બેલગાડીનો ને ઊંટનો યુગ હતો, આજે વિમાનનો ને રોકેટનો યુગ છે. આજે તો ભારતના એક છેડેથી બીજા છેડે થોડા જ કલાકમાં હવાઈ–મુસાફરીથી પહોંચી જવાય છે. હજારો ગાઉ દૂર બેઠાબેઠા પણ ટેલિફોનથી સીધી વાતચીત થઈ શકે છે. તે વખતે એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તમાં જતાંય બેલગાડીમાં અનેક મહિના લાગી જતા; સન્દેશની આપ–લે લાંબા ગાળે થઈ શકતી. એટલે એ વખતે સાધર્મીના મિલનનો કે સાધર્મીના સન્દેશની પ્રાપ્તિનો જે અનેરો આહ્લાદ જાગતો તેનો ખ્યાલ અત્યારના યુગમાં આવવો મુશ્કેલ છે.

પં. શ્રી ટોડરમલ્લજીની લખેલી રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ગુરુદેવના હાથમાં જ્યારે પહેલવહેલી આવી ને તેમણે વાંચી, કે તરત તેમને આહ્લાદ થયો કે વાહ! આવી ચિઠ્ઠી! એની કિંમત શું થાય? જ્ઞાનના અર્થીને તેની ખરી કિંમત થાય. અહો, આમાં તો જાણે હીરાનાં કણ ભર્યાં છે! તે વખતે (ચાલીસેક વર્ષ પહેલાં) પણ આવા સાહિત્યની પ્રાપ્તિ એવી દુર્લભ હતી કે એ ચિઠ્ઠી ગુરુદેવે લખી લીધી હતી.

જે પત્રના જવાબરૂપે પંડિતજીએ આ ચિઠ્ઠી લખેલ છે તે પત્ર સીધો પં. ટોડરમલ્લજી ઉપર લખાયેલો નથી, પરંતુ મુલતાનના ભાઈઓએ જહાનાબાદના રામસિંહજી ભુવાનીદાસજી ઉપર પત્ર લખેલ, તેમણે બીજા સાધર્મીઓ સાથે વાત થયેલ અને તે બીજા સાધર્મીઓએ જહાનાબાદથી પં. ટોડરમલ્લજીને જયપુર લખેલ. એટલે મૂળ પત્ર લખાયા પછી ફરતો ફરતો ત્રીજી ભૂમિકાએ પંડિતજીને મળેલ છે; ને પંડિતજીએ તેના ઉત્તર સીધા મુલતાનના ભાઈ–

ઓને લખ્યા છે. ( જો કે જહાનાબાદના ભાઈઓ ઉપર પણ જાુદો પત્ર તેમણે લખ્યો જ હશે. ) –આ રીતે મુલતાનના ભાઈઓને પોતાના પત્રનો ઉત્તર મળતાં સહેજે બે ત્રણ માસ વીતી ગયા હશે. આટલા લાંબા વખતે જ્યારે પોતાના જિજ્ઞાસાભરેલા પ્રશ્નોના ઉત્તરરૂપે અધ્યાત્મરસભરપૂર ચિઠ્ઠી સાધર્મી પાસેથી પ્રાપ્ત થઈ હશે ત્યારે એ અધ્યાત્મસન્દેશ વાંચીને મુલતાનના ભાઈઓને કેટલો હર્ષોલ્લાસ થયો હશે? આજે ૨૦૦ વર્ષ પછી પણ એ ચિઠ્ઠીની હસ્તલિખિત પ્રતો જાુના શાસ્ત્ર ભંડારોમાં સચવાયેલી પડી છે–એ ઉપરથી ખ્યાલમાં આવશે કે સાધર્મીઓ તે ચિઠ્ઠીને કેટલી કિંમતી ગણતા હતા. એવી બે પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓ ઉપરથી ખૂરઈ ( સાગર, મધ્યપ્રદેશ ) ના ‘કર્તવ્યપ્રબોધ–કાર્યલયે’ લગભગ પચાસ વર્ષ પહેલાં (વીર સં. ૨૪૪૨માં) એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પ્રકાશિત કરી હતી. તેમાં પ્રકાશક લખે છે કે– यह चिठ्ठी कितनी महत्वपूर्ण हैं इसको प्रेमी पाठक स्वयं अवलोकन करके जान सकेंगे। परंतु यहां हम ईतना अवश्य कहेंगे कि, यदि इसी तरहकी कोई प्राचीन विद्वानकी कृति आज युरोपादि देशोमें किसीको प्राप्त होती तो सारे देश और समाचारपत्रोमें धूम पड जाती।” પચાસ વર્ષથી પ્રસિદ્ધ થઈ હોવા છતાં આ ચિઠ્ઠી વિશેષપ્રચારમાં આવી ન હતી, પણ હવે પૂ. ગુરુદેવે ત્રણ વખત એના ઉપર પ્રવચનો કરીને એનો મહિમા પ્રસિદ્ધ કર્યો છે, અને એના રહસ્યને ખુલ્લું કર્યું છે.

એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીના વિદ્વાન લેખક પં. શ્રી ટોડરમલ્લજીનો ટૂંક પરિચય અહીં આપીએ છીએ.

અનેક શાસ્ત્રોના રહસ્યની મેળવણી કરીને ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ જેવા શાસ્ત્રની જેમણે રચના કરી તે પં. શ્રી ટોડરમલ્લજીએ શિથિલાચાર સામે નીડરપણે પડકાર કરીને, આધ્યાત્મિક આંદોલન વડે તથા મહાન વિપુલ સાહિત્યરચના વડે જૈનસમાજમાં ક્રાન્તિનું મોજાું ફેલાવ્યું હતું. ગૃહસ્થી હોવા છતાં જૈનસમાજમાં તેમનું સ્થાન એક આચાર્ય સમાન ગણવામાં આવે છે. તેમનો જન્મ વિક્રમ સં. ૧૭૯૭માં જયપુરના ગોદિકા–પરિવારમાં થયો હતો. પિતાજીનું નામ જોગીદાસ અને માતાજીનું નામ રંભાદેવી. તેમનો પરિવાર ढोलाका પરિવાર તરીકે વિખ્યાત હતો. આજ પણ જયપુરમાં તેમના વંશમાં શ્રી છગનલાલજી લાદૂલાલજી ઢોલાકા છે. તેમના શિક્ષાગુરુ શ્રી બંશીધરજી હતા–જેઓ મૈનપુરી ( આગ્રા ) થી જયપુર આવીને રહ્યા હતા. પંડિતજી અસાધારણ પ્રતિભાશાળી હતા, નાની ઉંમરમાં જ તેમણે ઘણું અધ્યયન કર્યું હતું. સં. ૧૮૧૧ના મહા વદ પાંચમે જ્યારે તેમણે મુલતાનના સાધર્મી ભાઈઓ ઉપર અધ્યાત્મચર્ચાથી ભરપૂર ચિઠ્ઠી લખી ત્યારે તેમની ઉંમર કેટલી હતી?

માત્ર ૧૪ કે ૧૫ વર્ષની તેમની ઉંમર હતી. આવડી નાની ઉંમરમાં તેમણે લખેલી અધ્યાત્મશાસ્ત્રના મર્મથી ભરેલી ચિઠ્ઠી બતાવે છે કે તેઓ કેટલા વિદ્વાન અને અધ્યાત્મરસિક હતા.

સં. ૧૮૧૧ ની આસપાસમાં એટલે કે ૧૪–૧૫ વર્ષની વયે જ તેઓ જયપુરરાજ્યના સિંઘાણા ગામે જઈને એક શેઠને ત્યાં નોકરી કરવા લાગ્યા. તે દરમિયાન સાધર્મી ભાઈ રાયમલ–કે જેઓ ૧૩–૧૪ વર્ષની વયમાં જ શાસ્ત્રાભ્યાસી હતા ને ધર્મનું રહસ્ય સમજવાની જિજ્ઞાસાથી અનેક જગ્યાએ ઘૂમી રહ્યા હતા, તેઓ પં. ટોડરમલ્લજીને મળ્યા, અને તેમના પરિચયથી પ્રસન્ન થઈને તેમણે લખ્યું કે– 'टोडरमल्लजीके ज्ञानकी महिमा अद्‌भुत देखी' ત્યારબાદ ભાઈ રાયમલ્લજીએ તેમને ગોમ્મટસાર વગેરે શાસ્ત્રોની ટીકા લખવાનો આગ્રહ કર્યો, અને પં. શ્રી ટોડરમલ્લજીએ હિન્દીભાષામાં ટીકા લખવી શરૂ કરી. ટીકા તેઓ લખતા જતા હતા તેમ તેમ ભાઈ રાયમલ્લજી વગેરે તે વાંચતા જતા હતા. સં. ૧૮૧૫ સુધીના ત્રણેક વર્ષમાં એટલે માત્ર ૧૫ થી ૧૮ વર્ષની નાની વયમાં તો તેમણે ગોમ્મટસારના ૩૮ હજાર શ્લોક, લબ્ધિસાર–ક્ષપણાસારના ૧૩ હજાર શ્લોક અને ત્રિલોકસારના ૧૪ હજાર શ્લોક, એમ કૂલ ૬૫૦૦૦ પાંસઠ હજાર શ્લોક પ્રમાણ (સમ્યગ્જ્ઞાનચંદ્રિકા) ટીકા રચી. માત્ર ૧૫ વર્ષની વયે ગોમ્મટસાર જેવા મહાન શાસ્ત્રની ટીકા લખવી તે શ્રુતાભ્યાસનો અસાધારણ પ્રેમ અને વિદ્વત્તા બતાવે છે. ભાઈ રાયમલ્લજી લખે છે કે 'અત્યારે આ કનિષ્ટ કાળમાં ટોડરમલ્લજીના જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ છે. ગોમ્મટસાર ગ્રંથનું વાંચન પાંચસો વર્ષ પહેલાં હતું પણ ત્યારપછી બુદ્ધિની મંદતાને લીધે ભાવસહિત વાંચન અટકી ગયું; હવે ફરી (ટોડરમલ્લજી દ્વારા) તેનો ઉદ્યોત થયો. વર્તમાનકાળમાં અહીં ધર્મનું નિમિત્ત છે તેવું અન્યત્ર નથી.'

આ ઉપરથી સ્પષ્ટ છે કે પં. ટોડરમલ્લજી કેટલા પ્રતિભાશાળી હતા અને ધર્મપ્રચારની તેમને કેટલી લગન હતી. તે વખતે જયપુરમાં ઈન્દ્રધ્વજપૂજાનો મોટો ઉત્સવ થયેલો, આ ઉત્સવ જયપુરના ઈતિહાસમાં ઘણો ભવ્ય હતો, તેમાં ચબૂતરો (પૂજનની વેદી) ૬૪ ગજ (લગભગ સવાસો ફૂટ) લાંબો પહોળો હતો, (એટલે અત્યારે પંચકલ્યાણકમાં આપણે જેના પર મંડલ કરીએ છીએ તેના કરતાં લગભગ ૧૦૦ ગણો મોટો!) ને તેમાં ત્રિલોકસાર–ગ્રંથઅનુસાર રચના કરવામાં આવી હતી. એ ઉત્સવની નિમંત્રણ–પત્રિકામાં (સં. ૧૮૨૧ ના મહા વદ નોમે) લખ્યું છે કે અહીં ભાઈજી ટોડરમલ્લજીના જ્ઞાનનો ક્ષયોપશમ અલૌકિક છે, તેમણે ગોમ્મટસારાદિ અનેક ગ્રંથોની પૂરા લાખ શ્લોકપ્રમાણ ટીકાઓ બનાવી છે, અને હજી બીજા પાંચ સાત ગ્રંથોની ટીકા બનાવવાનો વિચાર છે, તે આયુની અધિકતા હશે તો બનશે. વળી ધવલમહાધવલાદિ ગ્રંથોને પ્રગટમાં લાવવાનો ઉદ્યમ તેમણે કર્યો છે, તથા તે દક્ષિણદેશથી બીજા પાંચસાત ગ્રંથો તાડપત્રમાં કર્ણાટકી લિપિમાં લખેલા અહીં પધાર્યા છે તેને 'મલજી' વાંચે છે અને તેનું યથાર્થ વ્યાખ્યાન કરે છે તેમજ કર્ણાટી લિપિમાં લખી લ્યે છે. ઈત્યાદિ ન્યાય, વ્યાકરણ, ગણિત, છંદ, અલંકાર

વગેરેનું જ્ઞાન તેમને છે. મહાનબુદ્ધિના ધારક આવા પુરુષ આ કાળ વિષે હોવા દુર્લભ છે. પ્રતિષ્ઠા મહોત્સવની નિમંત્રણ–પત્રિકામાં થયેલ આ ઉલ્લેખ ઉપરથી ખ્યાલમાં આવશે કે જૈનસમાજમાં પંડિતજીનું સ્થાન કેટલું મહત્ત્વનું હતું, ને જયપુરનો જૈનસમાજ તેમનાથી કેટલું ગૌરવ અનુભવતો હતો.

અત્યારની માફક ઝડપી પ્રવાસનાં કે સન્દેશવ્યવહારનાં સાધનો તે જમાનામાં ન હતાં; એવા એ સાધનહીન કાળમાં પણ દક્ષિણદેશના ધવલાદિ સિદ્ધાંત ગ્રંથોના ઉદ્ધારની યોજના પં. શ્રી ટોડરમલ્લજીએ બનાવી હતી અને જયપુરથી કેટલાક ભાઈઓને ત્યાં મોકલ્યા હતા; તેમાં બે હજાર રૂપીઆ ખર્ચ કર્યા અને એ કાર્યમાં પાંચ વર્ષ લાગ્યા; તેમાંથી એક વ્યક્તિનું તો ત્યાં જ (દક્ષિણમાં) મૃત્યુ થયું; પણ તેમાં સફળતા ન મળી. છતાં પણ શ્રુતની તીવ્ર ભક્તિથી પ્રયત્ન ચાલુ રાખ્યો. જો નાની વયે તેમનું અકાળ અવસાન થયું ન હોત તો જરૂર તેમના સમયમાં જ તે ષટ્‌ખંડાગમ આદિ ગ્રંથો જયપુર આવી ગયા હોત. તોપણ કર્ણાટકલિપિમાં તે ગ્રંથ આવ્યા, તેને તેઓ પઢવા લાગ્યા અને તેની લિપિ લખવા લાગ્યા,– એ કેટલી આશ્ચર્યની વાત છે.

ઉપરોક્ત ગોમ્મટસારાદિ ગ્રંથોની ટીકા પછી તેમણે આત્માનુશાસનની તથા પુરુષાર્થ–સિદ્ધિ ઉપાયની હિન્દી ટીકા (જયપુરી ઢૂંઢારી ભાષામાં) લખી, તેમજ 'મોક્ષમાર્ગ પ્રકાશક' જેવા સર્વોપયોગી મહત્વપૂર્ણ ગ્રંથની રચના કરી. આ રીતે શ્રીમાન પંડિતજીએ મોક્ષમાર્ગ–પ્રકાશક–ગ્રંથ વગેરે દ્વારા શુદ્ધ જૈનમાર્ગનો પ્રકાશ કર્યો, અને શિથિલાચાર પાખંડ તથા અસત્યમાર્ગનો નિષેધ કરીને જે મહાન ક્રાન્તિ કરી, તે સહન નહિ થવાથી કેટલાક વિદ્વેષી–વિધર્મીઓએ ષડ્‌યંત્રદ્વારા મોટો અત્યાચાર કરેલો, એટલું જ નહિ, પંડિતજી ઉપર ખોટા આક્ષેપ મુકીને છળકપટદ્વારા રાજાને તેમની વિરુદ્ધ ઉશ્કેર્યા, જેના પરિણામે તેમને હાથીના પગ નીચે કચડાવીને મારી નાંખવામાં આવ્યા. (સં. ૧૮૨૪ના કારતક સુદ ૭ એ તેમનો દેહાંત દિવસ ગણાય છે) તે વખતે તેમની વય માત્ર ૨૭ વર્ષની હતી. જૈનગગનનો એક ઝળકતો સીતારો પૂર્ણપણે ઝળકે ત્યાર પહેલાં જ અસ્તંગત થઈ ગયો. છતાં આટલા ટૂંક આયુમાં તેમણે જૈન સાહિત્યની મહત્વપૂર્ણ રચનાઓ દ્વારા શ્રુતદેવીમાતાની અને જૈનસમાજની ઘણી કિંમતી સેવા કરી છે. જયપુરમાં તેમની શાસ્ત્રસભામાં ૮૦૦ જેટલા તત્ત્વરસિક શ્રોતાઓ થતા; ગોમ્મટસાર વગેરે શાસ્ત્રોનો અભ્યાસ શરૂ થયો હતો તથા મહિલાઓ પણ તત્ત્વચર્ચામાં રસ લેવા લાગી હતી. હાલમાં જયપુરમાં ગોદીકાપરિવાર તરફથી 'શ્રી ટોડરમલ્લજી–સ્મારક ભવન' થઈ રહ્યું છે ને તે ભવનદ્વારા આધ્યાત્મિક સાહિત્યના પ્રચારનું ધ્યેય અપનાવવામાં આવ્યું છે, એ હર્ષની વાત છે. આવા અધ્યાત્મરસિક મહાન શ્રુતોપાસક અધ્યાત્મરસિક શ્રીમાન પં. શ્રી ટોડરમલ્લજી સંબંધી કેટલોક પરિચય આપણે અહીં કર્યો; એવા જ બીજા એક અધ્યાત્મરસિક વિદ્વાન પં. શ્રી બનારસીદાસજીનો પરિચય આગામી અંકમાં કરીશું.

# વૈ...રા...ગ્ય...સ...મા...ચા...ર

* અમરેલીના ભાઈશ્રી રામજી હંસરાજ કામાણી તા. ૨૭–૬–૬૫ ના રોજ મુંબઈ મુકામે ૭૭ વર્ષની વયે લકવાની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પ્રસિદ્ધ ઉધોગપતિ હતા; મુંબઈ, અમરેલી તથા સોનગઢમાં તેમણે અનેકવાર પૂ. ગુરુદેવનો લાભ લીધો હતો, ને ગુરુદેવ પ્રત્યે તેઓ પ્રેમ ધરાવતા હતા, તેમના કુટુંબના અનેક સભ્યો પણ ગુરુદેવ પ્રત્યે પ્રેમ ધરાવે છે. સાચા દેવ–ગુરુ–ધર્મનું શરણ પામીને તેઓ આત્મહિત પામે એમ ઈચ્છીએ છીએ.

* જેતપુરના ભાઈશ્રી ધીરજલાલ ભાઈચંદ દેસાઈ તા. ૯–૭–૬૫ ના રોજ હૃદયની બિમારીથી મુંબઈમાં સ્વર્ગવાસ પામ્યા. પૂ. ગુરુદેવના સત્સંગનો તેઓ અવારનવાર ઘણો લાભ લેતા હતા, તત્ત્વ સમજવાનો તેમને ઘણો પ્રેમ હતો. જેતપુર વગેરે જિનમંદિરમાં પણ તેઓએ ઉત્સાહથી મહત્વનો ભાગ લીધો હતો. ધર્મસંસ્કારોમાં આગળ વધીને તેઓ આત્મહિત પામે એ જ ભાવના.

* સૌ૦ શ્રી મંજુલાબેન (તે મોરબીના મોહનલાલ વાઘજીભાઈનાં બહેન) તા. ૨૩–૭–૬૫ ના રોજ મુંબઈમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ અને તત્ત્વનો પ્રેમ હતો. અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા. તેઓ ધર્મસંસ્કારમાં આગળ વધીને આત્મહિત પામે–એ જ ભાવના.

* વઢવાણના ભાઈશ્રી ડો. મનસુખલાલ ટી શાહ તા. ૩૦–૭–૬૫ ના રોજ નૈરોબી (આફ્રિકા) માં હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસ પામ્યા છે. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો અને પૂ ગુરુદેવને બે વખત આંખના મોતિયાના ઓપરેશન વખતે પોતે જાતે સોનગઢ હાજર રહી ગુરુદેવની ઘણી સેવા કરી હતી, તેઓ શાંત ને ભદ્રિક હતા. સામાજિક સેવાના કાર્યમાંથી નિવૃત્તિ મળતાં સત્સંગનો લાભ લેવા સોનગઢ આવવાની તેમની ભાવના હતી....પણ સત્સંગનો એ સુઅવસર આવતા પહેલાં અચાનક તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. તેમનો આત્મા વીતરાગી દેવ–ગુરુનો સત્સંગ પામીને આત્મહિત સાધે એ જ ભાવના. આત્મહિતના કાર્યમાં જીવે કોઈ પણ બહાને પ્રમાદ કરવા જેવું નથી.

## દસલક્ષણી-પર્યુષણપર્વ તથા ખાસ પ્રવચનના દિવસો

શ્રી દસલક્ષણી પર્યુષણપર્વ ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ ૧૪ સુધી (તા. ૩૧–૮–૬૫ને મંગળવારથી તા. ૯–૯–૬૫ ને ગુરુવાર સુધી) ઉજવાશે. તે દરમિયાન દસલક્ષણ ધર્મોનું પૂજન તથા દશલક્ષણધર્મો ઉપર પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો થશે. ત્યાર પહેલાં રાબેતા મુજબ ખાસ પ્રવચનો શ્રાવણ વદ ૧૧ ને સોમવાર તા. ૨૩–૮–૬૫થી ભાદરવા સુદ ૪ ને સોમવાર તા. ૩૦–૮–૬૫ સુધી ચાલશે.

જૈન અતિથિ સેવા સમિતિની વાર્ષિક જનરલ મિટિંગ સોનગઢમાં ભાદરવા સુદ બીજ ને મંગલવાર તા. ૮–૯–૬૫ ના રોજ મળશે. તો સૌને હાજર રહેવા વિનંતિ છે.

**-મલુકચંદ છોટાલાલ**

# સ્વરૂપને સાધવાનો ઉત્સાહ

卐

ચૈતન્યની વાત સાંભળતાં આત્માર્થીને અંદરથી રોમ-રોમ ઉલ્લસી જાય.... અસંખ્યપ્રદેશ ચમકી ઊઠે કે વાહ! મારા આત્માની આ અપૂર્વ વાત મને સાંભળવા મળી, કદી નહોતું સાંભળ્યું એવું મારું સ્વરૂપ આજ મારા સાંભળવામાં આવ્યું; રાગથી જુદું જ સ્વરૂપ છે. આમ અંતર્સ્વભાવનો ઉત્સાહ લાવીને અને બહિર્ભાવોનો ઉત્સાહ છોડીને જેણે સ્વભાવનું શ્રવણ કર્યું તેનો બેડો પાર! એના ભાવમાં આંતરો પડી ગયો; સ્વભાવ અને પરભાવ વચ્ચે જરાક તિરાડ પડી ગઈ, તે હવે બંનેને જુદા અનુભવ્યે છૂટકો.

આવી અધ્યાત્મની વાત સંભળાવનારા સંત-ગુરુ પણ મહા ભાગ્યથી મળે છે. એ સાંભળતાં પ્રસન્નચિત્તથી-એટલે કે એના સિવાય બીજા બધાયની પ્રીતિ છોડીને 'મારે તો આવું નિજસ્વરૂપ સમજવું છે, આનો જ અનુભવ કરવો છે' એવી ઊંડી ઉત્કંઠા જગાડીને, ઉપયોગને જરાક તે તરફ થંભાવીને, જે જીવે સાંભળ્યું તે જીવ સ્વરૂપને સાધવાના ઉત્સાહમાં આગળ વધીને જરૂર સ્વાનુભવ કરશે.

ધન્ય છે તે અધ્યાત્મરસિક જીવને.

卐